સુવિચાર
નિષ્ફળતાના ભલે દસ કારણ આપો, પણ બ્હાનું એક પણ ન આપો !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૬/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૩ વર્ષ : ૧૬ અંક : ૧૫૭

## સમગ્ર વિશ્વમાં પ્લેન ક્રેશની ઘટનાથી અરેરાટીના માહોલ વચ્ચે

# અમદાવાદ પ્લેન ક્રેશ સ્થળની મુલાકાત લેતા પ્રધાનમંત્રી મોદી

**દુર્ઘટના સ્થળ અને ક્ષતિગ્રસ્ત ઈમારતોનું નિરીક્ષણ કર્યુ**

**સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ઈજાગ્રસ્તોને મળીને સાંત્વના પાઠવી**

**ઈજાગ્રસ્ત થયેલ તબીબો અને હેલ્થકેર વર્કસની પણ મુલાકાત લીધી**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજારાપ્પુ રામ મોહન નાયડુ પણ સાથે જોડાયા**



અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં થયેલી હ્રદયદ્રાવક પ્લેન ક્રેશ દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સવારે પરિસ્થિતિનો ચિતાર મેળવવા અમદાવાદ આવી પહોંચ્યા હતા. તેમણે દુર્ઘટનાસ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોને મળીને સાંત્વના પાઠવી હતી.

વડાપ્રધાન મોદીએ પ્લેન ક્રેશ થવાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી મેડિકલ હોસ્ટેલ અને મેસ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજારાપ્પુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય ઉડ્ડયન મંત્રી મુરલીધર મોહોલ, ગુજરાતના નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્લેન ક્રેશ દુર્ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ વડાપ્રધાન મોદી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સારવાર મેળવી રહેલા ઈજાગ્રસ્ત દર્દીઓની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન એ દર્દીઓની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને તેમના સ્વજનોને આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા

અનુસંધાન પાના ૬ ઉપર

## અમેરિકાથી આવતીકાલે આવશે પુત્ર

# રાજકોટમાં થશે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર

**કુંવરજી બાવળિયા, કુબેર ડીંડોર અને ભાનુબહેન બાબરિયા, પુરુષોત્તમ રૂપાલાએ અંજલિ રૂપાણીને સાંત્વના પાઠવી હતી**

રાજકોટ, તા.૧૩

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી નિધન સમાચાર બાદ રાજકીય શોકનો માહોલ છે. રાજકીય નેતાઓ ગાંધીનગર ખાતે આવેલા તેમના બંગલે પહોંચી રહ્યા છે. જ્યાં વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણીને સાંત્વના પાઠવી શોક વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે દિવંગત વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે. વિજય રૂપાણીના પુત્ર ઋષભ અમેરિકામાં રહે છે, તે ત્યાંથી અમદાવાદ આવવા નીકળી ગયા છે અને

અનુસંધાન પાના ૬ ઉપર

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં એક મોટો ચમત્કાર

# વિમાનનું લોખંડ પણ પીગળી ગયું, પણ ભગવદ ગીતા સુરક્ષિત રહી

**અકસ્માત સ્થળે હાજર એક વ્યક્તિ ગીતાના પાના બતાવતો આ વીડિયો સોશિયલ મીડિયા પર લોકોની લાગણીઓને સ્પર્શી ગયો**

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં ૧૨ જૂને બપોરે એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. આ દુર્ઘટનામાં રેસ્ક્યુ ઓપરેશન લગભગ સમાપ્ત થઈ ગયું છે. આ દુર્ઘટનામાં ૨૪૧ લોકોના મોત થયા જેમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ સામેલ છે. આ ભીષણ દુર્ઘટનામાં માત્ર એક વ્યક્તિનો જીવ બચ્યો છે. રેસ્ક્યુ ઓપરેશન રમિયાન સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે ધમાકા બાદ આગના ગોળાએ વિમાન અને આસપાસની વસ્તુને કઈ રીતે નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન એક ભગવત ગીતા મળી આવી છે. સંભવતઃ કોઈ યાત્રી આ પવિત્ર ગ્રંથને સાથે રાખી અમદાવાદથી

અનુસંધાન પાના ૬ ઉપર

## બે ડોક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી

# મૃતક ડોક્ટર્સ-સ્ટાફના પરિજનો માટે વળતર તથા તપાસની માગ

**બીજે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ, રેસિડન્ટ ડોક્ટર્સના પરિવારજનોને ૫૦ લાખનું વચગાળાનું વળતર આપવાની માગ**

નવી દિલ્હી, તા.૧૩

અમદાવાદમાં ગઈકાલે ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયા ફ્લાઈટ AI 171 દુર્ઘટનાની તપાસ અને વળતર મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. બે ડોક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ દુર્ઘટનામાં મોતને ભેટેલા બીજે મેડિકલ કોલેજના

અનુસંધાન પાના ૬ ઉપર

## હીનાબેને આપી ચોંકાવનારી વિગત

# મારા ઉતર્યાના દોઢ કલાકમાં ફ્લાઈટ ક્રેશ થઈ, ફ્લાઈટમાં ઘણી ખામી હતી

**લંડનથી ફ્લાઈટના ટેકઓફની શરૂઆતમાં વિમાનનું એસી બંધ હતું : મૂકવામાં આવેલા બધા ડિસ્પ્લે બંધ હતા**

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં કોણ જવાબદાર, પાયલોટ કે ટેક્નિકલ ખામી? જાણો કઈ ભૂલના કારણે થાય છે પ્લેન ક્રેશ? તે હજી જાણી શકાયુ નથી. પરંતુ જાણવા મળ્યું છે કે, આ પ્લેન વર્ષો જૂનું છે. અનેક વખત ટેકનિકલ ખામી છતાં પ્લેન ઉડાવવાનું ચાલુ જ રાખ્યું હતું. એક મહિના પહેલા જ આ ફલાઈટમાં ખામી સર્જાઈ હતી, ત્યારે ફલાઈટ કેન્સલ કરવી પડી હતી. ત્યારે પ્લેન ક્રેશના કલાક પહેલા આ પ્લેનમાં મુસાફરી કરીને આવેલા મુસાફરે પ્લેનની સ્થિતિ વિશે ચોંકાવનારી માહિતી આપી. ગઈકાલે જે એર ઈન્ડિયાના જે પ્લેનને અમદાવાદમાં અકસ્માત નડ્યો હતો, સુરતના એક મુસાફર લંડનથી એ જ પ્લેનમાં અમદાવાદ આવી પહોંચ્યા હતા. સુરતના એક મુસાફર હીનાબેન કાલરિયા ગઈકાલે લંડનથી અમદાવાદ ફલાઈટમાં આવ્યા હતા. તેઓ એર ઈન્ડિયા AI-172 ફલાઈટમાં બપોરે ૧૨ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા હતા. સુરતના હીનાબેન કલારિયા એરપોર્ટ પર ઉતરાણ કર્યાના દોઢ કલાક પછી જ ફલાઈટ ક્રેશ થઈ ગઈ. પરંતુ આ વિમાનની સ્થિતિ વિશે હીનાબેને જે માહિતી આપી તે અત્યંત ચોંકાવનારી છે. હીનાબેને જણાવ્યું કે, ફલાઈટમાં ઘણી ખામીઓ હતી. લંડનથી ફલાઈટના ટેકઓફની શરૂઆતમાં વિમાનનું એસી બંધ હતું. વિમાનની અંદર મૂકવામાં આવેલા બધા ડિસ્પ્લે પણ બંધ હતા. એર હોસ્ટેસને ફરિયાદ કરતાં, તેણીએ મોબાઈલ અપડેટ કરવાનું કહ્યું અને કહ્યું કે

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
NST Machine
3D/4D
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

## વિજયભાઈ આપણી વચ્ચે નથી એ અકલ્પનીય છે : મોદી

# પીએમ મોદીએ અંજલિબેન અને પરિવારને મળી આપી સાંત્વના

**અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરું છું : મોદી**

અમદાવાદ, તા.૧૩

ગુરુવારના રોજ અમદાવાદ ખાતે બનેલી પ્લેન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું છે. વિજય રૂપાણીના નિધન બાદ રાજકોટ સહિત ગુજરાતભરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ત્યારે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદની મુલાકાતે છે. આજે પીએમ મોદી વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણી તથા તેમના પરિવારને મળીને સાંત્વના આપી હતી.

વિજય રૂપાણી જ્યારે અમદાવાદથી લંડન જઈ રહ્યા હતા. ત્યારે જ ટેકઓફ વખતે આ ગોઝારી ઘટના બની હતી. આ દુર્ઘટના સમયે અંજલિબેન રૂપાણી તેમની દીકરીના ઘરે લંડન હતા. આ ઘટના બાદ તેઓ લંડનથી અમદાવાદ આવ્યા છે. આજે તેઓ પરિવાર સાથે પીએમ મોદીને મળ્યા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે X પર લખ્યું કે, અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત



કરું છું. સૌમ્ય અને સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવતા વિજયભાઈએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં અને ત્યારબાદ પક્ષમાં કુશળ સંગઠક તરીકે વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પારદર્શી અને નિર્ણાયક નેતૃત્વથી રાજ્યની સર્વાંગીણ વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં તેમનું યોગદાન સદૈવ યાદ રહેશે. સુજલામ સુફલામ જળ અભિયાનથી લઈને શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માટેના તેમના સફળ અને પરિણામદાયી પ્રયાસો અવિસ્મરણીય છે. ઈશ્વર સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને તેમના સ્વજનો અને સમર્થકોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. જય જિનેન્દ્ર

પીએમ મોદીએ પોતાના એક્સ પર આ અંગેની માહિતી આપી છે. જેમા વડાપ્રધાન મોદીએ જણાવ્યુ છે કે, વિજયભાઈ આપણી વચ્ચે નથી એ અકલ્પનીય છે. હું તેમને દાયકાઓથી ઓળખું છું. અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું, જેમાં કેટલાક સૌથી પડકારજનક સમયનો પણ સમાવેશ થાય છે. વિજયભાઈ નમ્ર અને મહેનતુ હતા, પક્ષની વિચારધારા પ્રત્યે દૃઢ પ્રતિબદ્ધ હતા. પદ પર ચઢીને, તેમણે સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ખંતપૂર્વક સેવા આપી.

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

### પીજીવીસીએલની નોટિસની પણ અવગણના

# જાફરાબાદમાં પીજીવીસીએલનાં સર્વિસ વાયર હટાવવામાં ન આવે તો જોખમ

## કાયદાનો ઉપયોગ કરીને વાયર હટાવવા જરૂરી



જાફરાબાદ, તા. ૧૩

જાફરાબાદની સુપરમાર્કેટમાં આવેલ કપોળ મહાજન ટ્રસ્ટની દુકાનોના રવેશ સાવ જર્જરિત હાલતમાં હોય એ પણ ભરચક્ક વિસ્તારમાં ઝળુંબતુ મોત સમાન હોય તે દુકાનના રવેશ દુર કરવામાં કપોળ મહાજન આ ઝળુંબતુ મોત દૂર કરવામાં પીજીવીસીએલની રાહ જોવામાં આવી રહી છે. ચોમાસું સાવ નજીકમાં હોય અને આ ઝળુંબતુ મોત ભીડભાડ વાળ વિસ્તારમાં હોય અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની..?? આ બાબતે કપોળ મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીને અહીંના વેપારીઓ દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ ટ્રસ્ટી ઓ દ્વારા વેપારીઓને જણાવ્યું હતું કે આ દુકાનો ઉપર પી.જી.વી.સી.એલ.ના જીવીત સર્વિસ વાયેરો હોય જો પી.જી.વી.સી.એલ. આ પોતાના સર્વિસ વાયેરો હટાવી લેવામાં આવે તો અમે અમારી દુકાનના રવેશ દુર કરાવી નવું બાંધકામ કરવામાં આવશે આ બાબતે અહીંના વેપારીઓ દ્વારા સહી સાથે પી.જી.વી.સી.એલ. નાયબ કાર્યપાલક ઈજનેર ને લેખિત અરજી તા. ૩૧/૫/૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી તેમાં વેપારીઓ દ્વારા જણાવ્યું હતું કે સુપરમાર્કેટમાં આવેલ કપોળ મહાજન ટ્રસ્ટની જર્જરિત દુકાનના રવેશ ઉપર વાયરો નડતર હોવાથી સત્વરે આપના વાયરો ત્યાંથી હટાવી લેવા વિનંતી કરવા છતાં પણ પી.જી.વી.સી.એલ. દ્વારા આજ દિન સુધી હટાવવામાં આવ્યા નથી કપોળ મહાજન ટ્રસ્ટ દ્વારા જણાવેલ કે આ વાયરો હટાવી દેવામાં આવે તો અમે યુદ્ધના ધોરણે આ દુકાનના રવેશ દુર કરી દેશું પરંતુ પીજીવીસીએલના સર્વિસ વાયેરો હટાવવામાં ન આવતા અને પીજીવીસીએલ તથા કપોળ મહાજન ટ્રસ્ટ દ્વારા બન્ને દ્વારા એકબીજા ઉપર દોષનો ટોપલો ઢાલવી રહ્યા છે પરંતુ આ યમદૂત સમાન કોઈ મોટી આફત નોતરે તો જવાબદારી કોના શિરે..?? અહીં હજારોની સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હોય તમામ લોકો ઉપર યમદૂત સમાન જર્જરિત દુકાનના રવેશ ઝળુંબતા મોત સમાન ઉભા હોય પરંતુ જવાબદાર પાલિકા નોટિસ આપી છટકી ગયેલ હોય તેવું લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે પરંતુ ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ વિથ રૂલ્સ એન્ડ નોટીફિકેશન્સના કાયદામાં અનેક છતાં પાલિકાને આપેલી હોવા છતાં પાલિકા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ પાલિકા દ્વારા જર્જરિત ઈમારતોને દુર કરવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ મુજબ નોટિસો આપી અને અખબારમાં પણ જાણ કરવામાં આવી હોય તેવું પણ જાણવા મળ્યું છે. પરંતુ નોટિસમાં જણાવેલ મુજબ જર્જરિત ઈમારતો દુર કરવા ન આવે તો આવી ઈમારતો પાલિકા દ્વારા દુર કરવામા આવે છે. તેનો સંપૂર્ણ ખર્ચ જર્જરિત ઈમારતોના માલિકોને ભોગવું પડે છે. પરંતુ પાલિકા દ્વારા નોટિસ આપી અને દિવાલમાં નોટિસ ચીપકાવી પોતાની જવાબદારી માંથી છટકી રહી હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. પરંતુ પાલિકા દ્વારા ગંભીરતા લેવામાં આવતી નથી ઘણા મહિનાઓ પહેલાં અહીં આવેલ જર્જરિત બેંક ધરાશાયી થઈ હતી તેમાં ત્રણ અનમોલ માનવ જીજીંદગી છીનવાઈ ગઈ હતી જોકે ત્યાર બાદ કુંભકર્ણની નિંદ્રામાં સુતેલું તંત્ર જાગ્યું હતું અને સર્વે કરી જજરિત ઈમારતોને નોટિસો આપવામાં આવી હતી અને હાશકારો અનુભવ્યો હતો ફરી પાછી આવી દુર્ઘટનાઓની રાહ જોવામાં આવી રહી હોય તેવું લોકોને અહીં જોતા જ લાગી રહ્યું છે હાલ ચોમાસું પણ સાવ નજીક હોય જર્જરિત ઈમારતો ધરાશાયી થાય અને કોઈ મોટી આફત નોતરે તેની રાહ જોવામાં આવી રહી છે ? હાલ તો આ સુપર માર્કેટમાં આવેલ જર્જરિત હાલતમા ઉભેલા રવેશ માટે કપોળ મહાજન ટ્રસ્ટ તથા પીજીવીસીએલ બંને એકબીજા આ ઈમારત પડવાની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ આ ભરચકક વિસ્તારમાં કોઈ મોટી દુર્ઘટના ઘટશે તો જવાબદારી કોની રહેશે ? અહીંના વેપારીઓ કોઈ મોટી દુર્ઘટના ના સર્જાઈ તે માટે લેખિત રજૂઆતો કરી રહ્યા છે. પરંતુ જવાબદાર લોકો હાથ ઉંચા કરી રહ્યા છે. અને રાહા જોઈ રહ્યા છે કે કોઈ મોટી દુર્ઘટના ઘટે પછી કુંભકર્ણ નિંદ્રામાંથી જાગશે.

### છેલ્લા ૧૯ વર્ષથી સતત કાર્યરત

# અમરેલીની સીનિયર સિટીઝન સોસાયટી દ્વારા આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયુ

## બાળરોગ નિષ્ણાંત ડો. એસ.આર. દવેનુ થયુ સન્માન



અમરેલી, તા. ૧૩

અમરેલી સિનિયર સીટીઝન મંડળ અમરેલી છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત છે. જેમાં દર માસે વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગત માસે મહિલા દિન અને વસંતના વધામણા કાર્યક્રમનું આયોજન કરેલ.

આ માસની મીટીંગનો પ્રાર્થનાથી પ્રારંભ થયા બાદ મંત્રી સુરેશભાઈ ત્રિવેદીએ સૌ વડીલોને આવકાર આપ્યો. બાદ જન્મદિન શુભેચ્છા, હેપ્પી બર્થ–ડે અને લગ્ન દિન શુભેચ્છા બહેનો દવારા લગ્ન ગીતથી આપવામાં આવી.

ત્યારબાદ આ બેઠકમાં શહેરના ખ્યાતનામ બાળરોગ નિષ્ણાંત ડો. એસ.આર.દવે પધારતા તેમનું પુષ્પગૂચ્છ દ્વારા પ્રમુખ રવજીભાઈ કાચા અને કનુભાઈ જોષી દવારા સ્વાગત કરવામાં આવ્યું. તેમનો પરિચય મંત્રી સુરેશભાઈએ આપ્યો. તેમના સેવાકીય અને ધાર્મીક કાર્યો અંગે માહિતી આપી. તેમણે વડીલોને આરોગ્ય અંગે સચોટ માર્ગદર્શન આપી, વડીલોએ પૂછેલ પ્રશ્નોના સરળ ઉપાય બતાવ્યા. બાદ પ્રમુખ રવજીભાઈ કાચાએ પ્રાસંગીક મંડળના કાર્યો વિષે જાણકારી આપી. ભોજન સ્પોન્સર રવજીભાઈ એલ. કાચા, વનીતાબેન ચંદુલાલ ટાંક, ચંદ્રીકાબેન અનંતરાય ઠાઠાગર, હર્ષાબેન ઉમેશભાઈ પાઠક, નીલાબેન રજનીકાંત ચૌહાણનું પુષ્પગૂચ્છથી સન્માન કરવામાં આવ્યું. ટોમભાઈએ આભાર વ્યકત કર્યો, બીનાબેન ત્રિવેદીનું સંચાલન હતું.

### વિમાન દુર્ઘટના થોડી દુર થઈ

# અમરેલીનો પુત્ર ડો. યક્ષિત બરિવાડીયાનો આબાદ બચાવ

## હોસ્ટેલમાંથી ભોજન લઈને બહાર નીકળ્યાને આફત ત્રાટકી



અમરેલી, તા. ૧૩

અમરેલી ચિત્તલ રોડ ઉપર આવેલ સાયોના મેડીકલ વાળા પટેલભાઈ (સેવાભાવી પટેલભાઈ)ના પુત્ર ડો. યક્ષિત મહેશભાઈ બરિવાડીયા હાલ અમદવાદ રહેતા હોય, ગઈકાલે બપોરે તેઓ બી.જે. કોલેજમાં ભોજન લઈ અને ત્યાંથી નિકળ્યા હતા. અને બાદમાં ગણતરીની મિનિટમાં જ પ્લેન દુર્ઘટના બની હતી.

માતા પિતા અને વડીલોના પુણ્યના પ્રતાપે ડો. યક્ષિત મહેશભાઈ બરિવાડિયા સહી સલામત રીતે બહાર નિકળ્યા બાદ આ બનાવમાં કુદરતી બચાવ થયો હતો.

# ભૂરખીયા ગામે પીએમજેવાય કાર્ડની EKYC ની કામગીરી કરાઈ



દામનગર, તા. ૧૩

લાઠી તાલુકા હેલ્થ ઓફિસના ટી. એચ. ઓ. ડો. આર. આર. મકવાણાના માર્ગદર્શન મુજબ જરખીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો. નિશીત ચત્રોલાની સુચના અનુસાર અને પી. એચ. સી. સુપરવાઈઝર ભરતભાઈ સોલંકીની દેખરેખ નીચે ભૂરખીયા ગ્રામ પંચાયત કચેરીમાં સરપંચ રમેશભાઈ એ. બારડના સાથ–સહકારથી તા. ૧૩/૬/૨૫ને શુક્રવારના રોજ પી.એમ. જે. વાય. કાર્ડ માટે ઈ–કેવાયસીની શરૂ કરાયેલ કામગીરીમાં એમ. પી. એચ. ડબલ્યુ જયદેવભાઈ કનાળા, આશા વર્કર ગીતાબેન ટાક, સોનલબેન મકવાણા દ્વારા આ કામગીરીને અનુલક્ષીને ૧૦૦ થી વધુ ઈ–કેવાયસીની કામગીરી કરતા સારી અને ઝડપી કામગીરી કરવા બદલ સરપંચ રમેશભાઈ બારડે અભિનંદન પાઠવ્યા હતા. તેમ તલાટી કમ મંત્રી વી. એસ. બારૈયાએ જણાવેલ હતું. ઈ–કેવાયસી માટે બાકી રહેલ ગ્રામ જનોએ જયદેવભાઈ કનાળાનો સંપર્ક કરવો.

# વિમાન દુર્ઘટનાના મૃતાત્માના સ્મૃતિમાં ગીર દુધાળામાં થશે વૃક્ષારોપણ

અમરેલી તા. ૧૩

વિશ્વ પર્યાવરણ દિનના દિવસે વૃક્ષારોપણ અને પર્યાવરણને બચાવવાનું આહ્વાન દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવોએ કર્યુ હતું. 'વૃક્ષ છે તો જીવન છે' એવું વર્ષોથી કહેવાય છે. એ જ ઉદ્દેશ સાથે સુરત સ્થિત પી.પી. સવાણી પરિવાર દ્વારા અમરેલી નજીક ધારી તાલુકાના ગીર–દુધાળા ગામમાં ૧૦,૦૦૦ વૃક્ષના રોપણનું આયોજન કર્યું છે. આ આયોજન દરમિયાન જ અમદાવાદમાં ઘટેલી અત્યંત દુખદ ઘટનામાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દરેકના નામે એક વૃક્ષ રોપીને ઉછેરવામાં આવશે. આ અનોખી શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ આવતીકાલના શનિવાર ૧૪મી જૂનના રોજ ધારીના ગીર–દુધાળા ખાતે યોજાશે.

સરકારના પર્યાવરણ બચાવવાના અભિયાનમાં સહભાગી થતાં પી.પી. સવાણી પરિવારના મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે અમે ૧૦,૦૦૦ વૃક્ષના રોપણનું આયોજન કરતાં હતા. એવા સમયે અમદાવાદમાં ઘટેલી કમનસીબ ઘટનાએ આપણને સૌને હચમચાવી નાખ્યા અને નિ:શબ્દ કરી નાખ્યા. આ મૃતાત્માના નામે એક વૃક્ષ રોપણ કરીને એનો ઉછેર કરીને અમે એમને શ્રદ્ધાંજલિ આપીશું.

અમરેલી જિલ્લાના ધારી નજીકના ગીર–દુધાળા ખાતે ૧૦,૦૦૦ કે એથી વધુ વૃક્ષોનું રોપણ અને ઉછેર કરીને આ વિસ્તારની હરિયાળીમાં ઉમેરો કરવામાં આવશે. સાથે જ વૃક્ષના જતન અને પર્યાવરણના સરક્ષણ માટેની પી.પી. સવાણી પરિવારની પ્રતિબધ્ધતા વર્ષોથી રહી છે એમાં જ ગીર–દુધાળાનું આ વન ઉમેરો કરશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### નાયબ દંડક વેકરિયા અને સાંસદ સુતરીયાએ

# અમરેલી જિલ્લાનાં ૬ વ્યકિતઓ વિમાન દુર્ઘટનામાં મોતને ભેટતા શ્રધ્ધાજંલિ પાઠવી

## અમદાવાદની વિમાન દુર્ઘટનાથી સૌને જબ્બરો આઘાત

અમરેલી, તા. ૧૩

ગઈકાલે અમદાવાદ ખાતે પ્લેન ક્રેશ દુર્ઘટનામાં અમરેલી જીલ્લાના ૬ જેટલાં વ્યકિતઓના મૃત્યું થયા હોવાની હોવાની વિગતો સામે આવી છે. જેમાં વડીયા તાલુકાના ત્રણ અને અમરેલી શહેરના ત્રણ લોકોનો સમાવેશ થયા છે.

મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના વડિયા ગામના અર્જુન મનુભાઈ પટોળીયા પોતાની પત્ની લંડનમાં મૃત્યું પામેલ હોય તેમની સાંસ્કુતિક વિધિ તથા પાણીઢોળ વિધિ કરવા માટે વડીયા ગામે આવેલ હતા. જે ગઈકાલે પરત લંડન જવા માટે નિકળ્યા હતા અને તે આ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. તેમજ વડીયા તાલુકાના રામપર તોરી ગામના ૬૫ વર્ષીય કાંતાબેન પાઘડાળ અને તેમની ૩ વર્ષીય પૌત્રી નાવ્યા પાઘડાળનું પણ આ ઘટનામાં મૃત્યુ નિપજયું હતું.

જયારે અમરેલીની રિધ્ધિ પડસાલા જે અમરેલીની દીકરી હતા તેઓ છેલ્લા ૨ વર્ષથી લંડન ખાતે સાસરે હતા અને તેઓ પણ ગઈકાલે આ પ્લેનમાં લંડન જવા નિકળ્યા હતા તેઓ પણ આ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. જયારે મૂળ અમરેલીના વતની અને હાલ સુરત વસતા બાબુભાઈ લાલજીભાઈ હીરપરા અને તેમના ધર્મપત્ની વિમળાબેન બાબુભાઈ હીરપરાનું પણ આ ગમખ્વાર દુર્ઘટનામાં મૃત્યુ નિપજયું હતું.

આમ આ પ્લેન દુર્ઘટનામાં અમરેલી જિલ્લાના ૬ જેટલાં વતનીઓ મૃત્યુ પામ્યા હતા. આ બનાવ અંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ સદગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને સાથે સાથે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાન અંગે પણ શોક વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવેલ હતી.

### માધાણી પરિવારે સ્વજનના મૃત્યુ બાદ ત્રીજી વખત કર્યા નેત્રદાન

# અમરેલી : ''વિશ્વ નેત્રદાન દિવસ'' સંવેદન ગૃપ દ્વારા ૧૦૭મુ ચક્ષુદાન લેવાયું

## સ્વ. પ્રતાપભાઈનાં મોટા પુત્ર મેહુલ જન્મથી અંધ હોય માધાણી પરિવાર આંખોનું મૂલ્ય સમજે છે



અમરેલી, તા. ૧૩

અમરેલીનાં સરદાર ચોકમાં વસતાં વેપારી પ્રતાપભાઈ ચુનીભાઈ માધાણી (ઉં.વ.૫૮)નું તા.૧૨ ગુરૂવારના રોજ અવસાન થતાં તેમનાં મોટાભાઈ નાથાભાઈ માધાણી તેમજ પૂત્રો મેહુલભાઈ તથા હર્ષભાઈ, ભત્રીજા હિરેન દ્વારા ચક્ષુદાન કરવામાં આવ્યું.

માધાણી પરિવારે રાજન ગઢિયા તેમજ નટુભાઈના માધ્યમથી ચક્ષુદાન માટે અમરેલી વિસ્તારમાં સેવારત સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ હતું. નવજીવન હોસ્પિટલ ખાતે આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપનાં પ્રમુખ વિપુલ ભટ્ટી સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ તથા કુલદીપ જાડેજાએ સેવા આપી હતી.

માધાણી પરિવારની સમયસરની જાગૃતિ બે અંધજનોના જીવનમાં રોશની લાવશે, તેમજ મૃત્યુ બાદ ચક્ષુદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડયું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

### બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલા ભરવા જરૂરી

# બાળકોનો સ્ક્રિન ટાઈમ ઓછો કરવો અને આઉટડોર રમત તેમજ વ્યાયામ માટે પ્રોત્સાહિત કરવા

## ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુકત થઈ શકાય

અમરેલી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજયસરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સ્વસ્થ જીવનશૈલી અપનાવી જનજન સુધી આ સંદેશો પ્રસરાવવા માટે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. મેદસ્વિતા અને વધુ પડતો વજન એ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. જો કે, તકેદારીના પગલાં ભરવાથી મેદસ્વિતાનું નિવારણ લાવી શકાય છે. ખાસ કરીને બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તકેદારીના પગલા ભરવા જરૂરી છે. બાળકો, મહિલાઓ અને યુવાનો પુરૂષો સૌ કોઈ ખાનપાન, જીવનશૈલીમાં પરિવર્તન કરી મેદસ્વિતા મુકત થઈ શકાય છે. તાજેતરમાં જ ઉનાળું વેકેશન સમાપ્ત થતા બાળકો ફરીથી શાળાકીય પ્રવૃત્તિ અને શિક્ષણ કાર્યમાં જોડાઈ ગયા છે. વેકેશન બાદ બાળકોને રમત તેમજ વ્યાયાય સાથે પ્રવૃત્તિમય રાખી સ્વસ્થ જીવનશૈલી તરફ દોરી જવા માટેનો શ્રેષ્ઠ સમય છે. ટેકનોલાજીના એડવાન્સમેન્ટ સાથે બાળકો પણ હાઈટેક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે બાળકોનો સ્ક્રિન ટાઈમ વધી રહ્યો છે. ડિજિટલ ઉપકરણોના ફાયદા સામે કેટલાક ગેરફાયદા છે અને તેમાનો એક ગેરફાયદો વ્યાયામ અને આઉટડોર રમતોનું પ્રમાણ ઘટી રહ્યું છે. જેના કારણે બાળકોનો સ્ક્રિન ટાઈમ વધી રહ્યો છે. માતા પિતાએ બાળકોમાં મેદસ્વિતા આવે નહિ તે માટે તેમનો સ્ક્રિન ટાઈમ ઓછો કરી અને રમતગમત માટે પ્રોત્સાહન કરવા જોઈએ.

મેદસ્વિતા માટે ખાનપાન પણ ખૂબ જવાબદાર છે. ઝડપી જીવનશૈલીમાં પેકેજડ અને પ્રોસેસ ફૂડનું પ્રમાણ વધી રહ્યું છે અને તાજો અને પૌષ્ટિક આહાર વિસરાઈ રહ્યો છે. કુમળી વયે બાળકોમાં પેકેજડ ફૂડનું વળગણ ન થાય તે માટે તેમને રોજિંદા આહારમાં તાજો અને પૌષ્ટિક આહાર આપવો જોઈએ.

તાજા ફળો અને શાકભાજીમાં વિટામીનનો ભરપૂરત સ્ત્રોત હોય છે. જે રોજિંદા જીવનમાં આવશ્યક છે. બાળકોમાં ફળોની આદત કેળવી શકાય તે માટે તેમને મનગમતા ફળો ખવડાવવા જોઈએ જેનાથી તેમની ન્યુટ્રિશનની માંગ પણ પૂરી થઈ શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય.

જીવનશૈલી પરિવર્તનમાં ખાનપાન મહત્વનું અંગ છે. મેંદાવાળી ચીજવસ્તુઓ, મીઠાઈઓ, નાસ્તાના પેકેટ તેમજ કોલ્ડ્રીંક સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે પરંતુ તે આરોગ્યપ્રદ નથી. બાળકોના સર્વાંગી શારીરિક વિકાસ અને આરોગ્ય માટે તેમને જંકફૂડ ન આપવું જોઈએ.

મેદસ્વિતા–જાડાપણા અંગે અગમચેતી એ જ સલામતી છે. મેદસ્વિતાના કારણે નોન કોમ્યુનિકેશન ડિસિઝનો સામનો કરવો પડી શકે છે. મેદસ્વિતા અંગની જાણકારી માટે ઊંચાઈ અને વજન સાથે બોડી માસ ઈન્ડેકસ (બીએમઆઈ)ના પરિમાણનો આધાર લેવા માટે આવે છે. નજીકના આરોગ્ય કેન્દ્ર પર વજન અને ઊંચાઈ માપી શકાય છે.

# સાવરકુંડલામાં ''પ્લાસ્ટિક મુકત ભારત'' તેમજ ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી






તારીખ૯/૬/૨૫ના રોજ શાળામાં 'પ્લાસ્ટિક મુકત ભારતની ઉજવણી' કરવામાં આવેલ હતી. આ દિન નિમિત્તે શાળાના વર્ગખંડો તેમજ શાળા પરિસરમાં સ્વચ્છતાનુ આયોજન કરવામાં આવેલ હતું. આ સમયે શાળાના પ્રાર્થના હોલમાં શાળાના આચાર્ય ઉષાબેન તેરૈયા દ્વારા વિદ્યાર્થીનીઓને શાળામાં પ્લાસ્ટિકનો ઉપયોગ અને તેમનાથી થતા નુકસાન અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ હતી. તેમજ શાળાના સુપરવાઈઝર નીતાબેન દ્વારા શાળા તેમજ વર્ગખંડોની સ્વચ્છતા અને તેમના ફાયદા વિશે વિદ્યાર્થીની બહેનોને જાણકારી આપેલ હતી. અંતમાં મેહુલભાઈ મહેતા દ્વારા શપથવિધિ ગ્રહણ કરાવવામાં આવેલ હતી. સાથોસાથ 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે શાળામાં 'વૃક્ષ વાવો દેશ બચાવો' અને જુદા જુદા સૂત્રો દ્વારા વિદ્યાર્થીનીઓને વૃક્ષનુ જતન અને પર્યાવરણમાં થતા ફેરફારોની જાણકારી શાળાના શિક્ષક અશ્વિનભાઈ બાલધીયા તેમજ ભરતભાઈ બાવળીયા દ્વારા આપવામાં આવેલ હતી અને શાળાના પટાંગણમાં 'વૃક્ષારોપણ' શાળાના આચાર્ય તેમજ શિક્ષક ગણ સાથે કરવામાં આવેલ હતું. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## થોડા દિવસો પહેલા પ્લેન ક્રેશની ઘટના બાદ અમદાવાદની ઘટનાથી સૌ ચિંતિત

# અમરેલીમાં ચાલતી પાયલોટ ટ્રેનિંગથી શહેરીજનો ભયભીત

**શહેરનાં જાગૃત નાગરિકોએ સાંસદ અને અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરી**

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરમાં છેલ્લા એકાદ વર્ષથી પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ થતાં ટ્રેઈની પાયલોટ સવારનાં ૬ થી રાત્રિનાં ૧૨ વાગ્યા સુધી સતત ટચુકડા વિમાન શિખતા હોય શહેરીજનોની શાંતિની પળો છીનવાઈ ગઈ છે. તો પક્ષીઓ પણ પરેશાન થઈ ચુકયા હોય. ઘણા દિવસોથી જાગૃત નાગરિકો પાયલોટ

**સાંસદે જવાબદાર વિભાગને જાણ કરી છતાં હજુ સુધી પાયલોટ ટ્રેનિંગ શરૂ છે**

માટેની ટ્રેનિંગ શહેરનાં બહારનાં વિસ્તારમાં અને દિવસમાં અમુક કલાક જ ટ્રેનિંગ આપવાની માંગ કરી રહ્યા છે.

દરમિયાનમાં આજથી દોઢેક મહિના પહેલા જેની આશંકા બની હતી. જેમાં એરપોર્ટની પાછળ રહેણાંક વિસ્તારની ગલીમાં ગચુકડુ વિમાન જમીન દોસ્ત થયેલ સદનસીબે કોઈ રહેણાંક મકાન ઉપર ન પડતા એક

**આજે રાત્રિનાં ૯ કલાકે દત્તમંદિર હોલ, ચિતલ રોડ ખાતે જાગૃત નાગરિકોની બેઠક**

પાયલોટનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.

ગઈકાલે અમદાવાદમાં વિમાન ક્રેશની ઘટનાનાં દ્રશ્યો નિહાળીને શહેરીજનો વધારે ભયભીત બન્યા છે. કારણ કે દિવસથી રાત સતત ૧૮ કલાક સુધી અમરેલીનાં ખુલ્લા આકાશમાં ૨ થી ૩ ટચુકડા વિમાનમાં પાયલોટને ટ્રેનિંક આપવામાં આવી રહી છે.

**શહેરીજનોને આ બેઠકમાં ઉપસ્થિત રહીને અભિપ્રાય આપવા અનુરોધ થયો**

દરમિયાનમાં આવતીકાલ શનિવારે રાત્રિનાં ૯ કલાકે દત્તમંદિરનો હોલ, ચિતલ રોડ ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવે હોય જાગૃત નાગરિકોને ઉપસ્થિત રહીને જરૂરી અભિપ્રાય આપવા અને વ્યાજબી માંગને લઈને આગામી જે કોઈ કાર્યક્રમનું આયોજન થાય તે માટે સહકાર આપવા રજુઆત કરવામાં આવેલ છે.

---

### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

## લાઠી પંથકનાં ગ્રામ્ય વિસ્તારમાંથી તરૂણીનું અપહરણ કરનારને ૨૦ વર્ષની સખ્ત કેદ

**ભોગ બનનાર તરૂણીને ૪ લાખનું વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાનવા ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક તરૂણીને ગારીયાધાર તાલુકાના નાની વાવડી ગામે રહેતો અને હીરાકામનું કામ કરતો આરોપી દિક્ષીત ઉર્ફે દેવો દીપકભાઈ મકવાણા નામનો ઈસમ ગત તા. ૪/૨/૨૨ નવા રોજ તરૂણીને લલચાવી ફોસલાવી તેણીને ભગાડી ગયેલ હતો. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ ચાલી જતાં સરકારી વકીલ મમતાબેનની દલીલને માન્ય રાખી સ્પે. પોકસો કોર્ટ દ્વારા આરોપી દિક્ષીત ઉર્ફે દેવો દીપકભાઈ મકવાણાને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫ હજાર દંડની સજાનો હુકમ કરેલ છે. ઉપરાંત ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર આપવા પણ આદેશ કરેલ છે.

---


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


---

### પત્નીએ પરસ્ત્રી સાથે સંબધ ન રાખવા કહેતા

## અમરેલીમાં પરસ્ત્રીનાં પ્રેમમાં ગળાડૂબ પતિએ પત્ની અને પુત્રને ધમકી આપી

**પરસ્ત્રીએ પણ પરિણીતાને ધમકી આપતા ફરિયાદ**

અમરેલી, તા. ૧૩

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં આવેલ સત્ય નારાયણ સોસાયટી શેરી નં. ૧માં રહેતા ક્રિષ્નાબેન તખુભાઈ આલાણી નામની પરિણીતાના પતિને કોઈ રાજેશ્રી સાથે એકાદ વર્ષથી પ્રેમ સબંધ હોય. જેની જાણ પરિણીતાને થતા તેણીએ પોતાના પતિને સમજાવતા તેણીના પતિ અવાર-નવાર પરિણીતાને ઢીંકાપાટુનો માર મારી મારકુટ કરી ગાળો આપી તેણીને તથા તેના દિકરાને મારી નાખવાની તેમજ છુટાછેડા આપી રાજેશ્રી સાથે લગ્ન કરી લેવાની ધમકી આપતા હોય તેમજ આરોપી રાજેશ્રીએ પણ મોબાઈલ નં. ૮૮૪૯૮ ૪૫૪૫૮ ઉપરથી ફોન કરી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## અમરેલી જિલ્લા ભાજપનાં અગ્રણી રવુભાઈ ખુમાણે સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજંલિ પાઠવી

અમરેલી, તા. ૧૩

એવી ક્ષણો આવે છે જયારે નુકસાનનું ભારણ સહન કરી શકતા નથી અને આજે આવી જ એક ક્ષણ છે. વિજયભાઈનું અવસાન ફકત એક વ્યકિતગત દુઃખ નથી, પરંતુ તેમની સાથે ચાલનારા, તેમની પાસેથી શીખેલા અને તેમની શાંત શકિતથી ગળે લગાવેલા લોકોના સામૂહિક હદયમાં એક ઊંડો ઘા છે.



હંમેશા દયાળુ, હંમેશા દયાળુ, તેઓ એક નેતા કરતાં વધુ હતા તેઓ આપણામાંના ઘણા લોકો માટે પરિવાર હતા. દરેક વાતચીતમાં તેમણે હૂંફ અને ગૌરવનો અનુભવ કર્યો, પદ અને લોકો વચ્ચે કયારેય રેખાઓ ખેંચી ન હતી. એક કાર્યકર્તા તરીકે, હું એવા ઘપા લોકોમાંનો એક હતો જેમની સાથે તેમણે પ્રેમ અને વિશ્વાસ સાથે વર્તન કર્યુ, એક અધિકારી તરીકે નહીં, પરંતુ એક વડીલ તરીકે માર્ગદર્શન આપ્યું જે કાળજી રાખતો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે, તેમણે તેમની જવાબદારીઓ કૃપા, સ્થિરતા અને લોકો પ્રત્યેની ફરજની ઊંડી ભાવનાથી નિભાવી, પરંતુ હું મારી સાથે જે લઈ જઈશ તે ફકત તેમનો રાજકીય વારસો નથી તે તેમનો માનવતા છે. દરેકને દેખાડવાની આદરણીય અને મૂલ્યવાન બનાવવાની તેમની ક્ષમતા છે.

વિજયભાઈના શોકમાં, અમે સેવામાં જીવેલા, મૂલ્યોમાં લંગરાયેલા અને શાંત કરૂણાથી પ્રકાશિત જીવનનું સન્માન કરીએ છીએ. ઓમ શાંતિ.

---

### મરિન પિપાવાવ પોલીસ દ્વારા

## રાજુલાનાં ભચાદર ગામેથી ૭ પત્તાપ્રેમીઓને ઝડપી લેવાયા

અમરેલી, તા. ૧૩

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એ.આર. છોવાળાએ અસરકારક પેટ્રોલીંગ કરી જુગાર ધારાના વધુને વધુ કેસો શોધી કાઢવા સુચના આપેલ હોય. જે અન્વયે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનની ટીમ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી આધારે હકીકત મળી કે ભચાદર ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા કથુભાઈ મધુભાઈ બોરીચાનાં રહેણાંક મકાનની સામે જાહેરમાં બાવળની કાટમાં પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતા કથુભાઈ મધુભાઈ બોરીચા સહિત સાત ઈસમોને જુગાર રમતા રોકડા રૂપિયા ૧૧૪૬૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### કોઈને સામાન્ય બાબત કહેવી પણ જોખમી

## સાવરકુંડલામાં પાણીનો બગાડ ન કરવા પશુપાલકે સલાહ આપી ને થયો હુમલો

**એક મહિલા સહિત ૭ વ્યકિતઓએ કુહાડી વડે કર્યો હુમલો**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર આવેલ રાધેશ્યામ સોસાયટીમાં રહેતા રામભાઈ મેપાભાઈ કામળીયા નામના પશુપાલકે સાવરકુંડલા ગામે રહેતા આરોપી ભરતભાઈ નરશીભાઈ જેઠવા તથા શોભનાબેનને પાણીનો બગાડ નહી કરવા બાબતે તા. ૧૧ના રોજ સવારના સમજાવેલ. જે બાબતનુ મનદુઃખ રાખી ભરતભાઈ તથા શોભનાબેન સહિત ૭ આરોપીઓએ એકસંપ કરી પશુપાલકને ગાળો આપતા આરોપીઓને ગાળો આપવાની ના પાડતા આરોપીઓએ પશુપાલકને માથાના પાછળના ભાગે કુહાડીનો ઘા મારી ગંભીર ઈજા કરી તથા લોખંડના પાઈપ વડે જમણી આંખમાં માર મારી ગંભીર ઈજા કરી તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી તથા દેવીબેનને છુટી ઈંટોના ટુકડાઓ માથામાં મારી ઈજા કરી તથા મરચાની ભુકીનો પાઉડર પશુપાલક તથા અન્ય ઉપર નાખી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શું આપના કેમેરા, નોટ કાઉન્ટીંગ મશીન, અથવા કોઈપણ ઈલેકટ્રોનિક આઈટમ ખરાબ છે ?

» CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિકયુરીટી સિસ્ટમ
» ટેલીફોન, કોર્ડલેસ ફોન » Wi-Fi મોડેમ
» EPABX » નોટ કાઉન્ટીંગ મશીન
» L.E.D.T.V.(24"થી85") » પ્રોજેકટર, અને ઘણું બધું...

હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...

ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..

Total Solution of Tele Comunication & Video Surveillance...

કમલેશ ટાંક - 9825176163

પ્રિસીસન ટેલીકોમ

B5-૫, બીજા માળ, હરીરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ એન્જાની સામે, જુનું માર્કેટીંગ યાર્ડ, અમરેલી



જોઈએ છે...

HONDA

બાબરામાં હોન્ડા શોરૂમ માટે...

સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩

મનહર હોન્ડા

રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા

મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૯૯૯૬ ૫૨૧૦૭



॥ વંદે માતરમ્ ॥

YAMAHA Revs Your Heart | જીજ્ઞેશ એજન્સી | YES! YAMAHA

Make an Impression fascino 125 Fi



SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar

ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



Hero

SPECIAL OFFER

Cash Discount ₹17500/- VIDA V2 PLUS

Cash Discount ₹15500/- VIDA V2 LITE



T & C Apply*

Navnit Hero | Near Gopi Cinema, Station Road, Amreli-365601 | +91 92899 22254 | navnit@heromotocorp.biz



ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ | તેમજ અવનવા તાજા ફરસાણ મળશે | સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૭૪૨૯૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫



JUNE SPECIAL Offer

Ex Showroom ₹66,900/-

Down Payment ₹2999/-

SHRIRAM



ઈન્સ્યોરન્સ ફ્રી

સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6442/-

Shine 100

*Offer valid 30/06/2025

પરીખ હોન્ડા | રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.



MARUTI SUZUKI ARENA

BREZZA

WICKEDLY POWERFUL



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

## પાના ૧ ઉપરનું ચાલું પીએમ મોદીએ અંજલિબેન અને

પીએમ મોદી વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી. વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. સરળ અને સાલસ સ્વભાવના વિજયભાઈ ખૂબ મહેનતુ હતા તથા પક્ષની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હતા.

એક પાયાના કાર્યકર તરીકે જાહેર જીવનમાં કારકિર્દીની શરૂઆત કરી તેઓ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.

પીએમ મોદીએ વધુમાં એક્સ પર લખ્યું છે કે, વિજયભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મારે તેમની સાથે ઘનિષ્ઠતાથી કામ કરવાનું થયું હતું. તેઓએ ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવા ઘણા પગલાં હાથ ધર્યા હતા જેમાં ઈઝ ઑફ લિવિંગ એ નોંધપાત્ર છે. તેઓની સાથે થયેલ મુલાકાતો અને ચર્ચા હંમેશાં યાદ રહેશે. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થનાપ ૐ શાંતિ...!!

## પાના ૧ ઉપરનું ચાલું વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર

આવતીકાલે (૧૪ જૂને) સવારે ૪ વાગે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. જ્યારે તેમના પત્ની અંજલિબહેન રૂપાણી આજે (૧૩ જૂને) લંડનથી સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે અમદાવાદ ઍરપોર્ટ પહોંચ્યા હતા અને ત્યાંથી ગાંધીનગર તેમના નિવાસ સ્થાને પહોંચ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પૂર્વ સીએમ વિજય રૂપાણીના ગાંધીનગર નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. જેમાં કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરા સહિત ભાજપના નેતા કુંવરજી બાવળિયા, કુબેર ડીંડોર અને ભાનુબહેન બાબરિયા, પુરુષોત્તમ રૂપાલા સહિત સરકારી અધિકારીઓ ગાંધીનગર પહોંચ્યા હતા અને પત્ની અંજલિ રૂપાણીને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંજલિબેન રૂપાણી અને પરિવારને મળ્યા હતી. દિવંગત વિજય રૂપાણીના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. આ ઉપરાંત તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, 'વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. સરળ અને સાલસ સ્વભાવના વિજયભાઈ ખૂબ મહેનતું હતા, તથા પક્ષની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હતા. એક પાયાના કાર્યકર તરીકે જાહેર જીવનમાં કારકિર્દીની શરૂઆત કરી તેઓ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.'

ઉલ્લેખનીય છે કે, એર ઈન્ડિયાનું વિમાન સિવિલ હૉસ્પિટલના પરિસરમાં આવેલી બી. જે. મેડિકલ કૉલેજની હોસ્ટેલની ઈમારતમાં તૂટી પડ્યું હતું. જેના બાદ પ્રચંડ વિસ્ફોટ થતાં વિમાનમાં સવાર ૨૪૧ લોકો અને હોસ્ટેલ તેમજ કેન્ટીન અને આજુબાજુના બિલ્ડિંગમાં હાજર લોકો પણ આ અકસ્માતનો ભોગ બન્યા હતા. આ દુર્ઘટનમાં ૨૬૫ લોકોના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વળતર તથા તપાસની માગ

વિદ્યાર્થીઓ, સ્ટાફ, રેસિડન્ટ ડોક્ટર્સના પરિવારજનોને રૂ. ૫૦ લાખનું વચગાળાનું વળતર આપવાની માગ સાથે અપીલ થઈ છે.

અપીલમાં માગ કરી છે કે, સુપ્રીમ કોર્ટ પ્રત્યેક મૃતકના પરિવારજનો (બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલ)ને રૂ. ૫૦ લાખ સુધીનું વચગાળાનું વળતર ચૂકવવા કેન્દ્ર સરકારને આદેશ આપે. કેન્દ્ર સરકારને આ મામલે એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાતની સમિતિ રચવા પણ ફરજ પાડે. જેમાં સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના રિટાયર્ડ જજ, વિમાન તજજ્ઞ, અર્થશાસ્ત્રી અને વીમા નિષ્ણાત સામેલ થાય. આ સમિતિ પીડિત પરિવારોને વળતર આપવાનો નિર્ણય લે. આ નિર્ણય લેવા માટે તેઓ ત્રિવેણી કોડકની ફજ એર ઈન્ડિયા લિ. કેસમાં સુપ્રીમ કોર્ટના સ્થાપિત સિદ્ધાંતોનું અનુસરણ કરે.

અપીલમાં પીડિતો માટે ઝડપથી વળતર નિર્ધારિત કરવાની પણ માગ થઈ છે. જેથી પીડિત પરિવારોએ લાંબી કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડે નહીં. બિલ્ડિંગ અને રહેણાંક વિસ્તારના મૃતકોના પરિવારજનોના પુનર્વસન સહાયતા અને રોજગારીની તકો પ્રદાન કરે. અરજદારોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરી છે કે, આ દુર્ઘટનાના કારણોની ઊંડી અને સચોટ તપાસ માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપે તેમજ ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના ન બને તે માટે આવશ્યક પગલાં લે.

અમદાવાદમાં ગઈકાલે થયેલા પ્લેન ક્રેશમાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ૨૪૧ લોકો પ્લેનમાં સવાર હતા, જ્યારે અન્ય ૨૪ સ્થાનિકો ક્રેશનો ભોગ બન્યા હતાં.

એર ઈન્ડિયાનું આ વિમાન ૧૧ વર્ષ જૂનુ હતું. જે ટૅકઑફની બે મિનિટમાં જ ધડાકાભેર બીજે મેડિકલની હોસ્ટેલમાં અથડાયું હતું. તેની આસપાસની ઈમારતોમાં પણ નુકસાન થયુ હતું. વિમાનનું બ્લેક બોક્સ આજે કાટમાળમાંથી મળી આવ્યું છે. જેના પરથી દુર્ઘટનાનું કારણ જાણવામાં મદદ મળશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૪ | ૧૦૬૧ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૪૭ | ૧૦૯૩ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૧૮ |
| ૪ | શિંગદાણા | ૧૧૨૦ | ૧૯૦૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૯૨૦ | ૧૫૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૩૦૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૩૩૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૧૯૫ |
| ૯ | બાજરો | ૩૯૦ | ૫૮૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૭૫૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૫૩૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૨ |
| ૧૩ | મગ | ૮૧૦ | ૧૩૫૨ |
| ૧૪ | અડદ | ૭૯૦ | ૧૫૧૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૮૮ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૪૬ | ૧૦૪૬ |
| ૧૭ | ચણા સફેદ | ૯૮૬ | ૧૦૬૩ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૩૧૩ |
| ૧૯ | ચોળી | ૭૯૫ | ૧૨૧૧ |
| ૨૦ | તુવેર | ૭૦૦ | ૧૧૫૨ |
| ૨૧ | વાલ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૨૨ | કપાસ | ૯૧૦ | ૧૬૪૨ |
| ૨૩ | એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૨૪ | જીરૂ | ૨૫૦૦ | ૩૮૮૦ |
| ૨૫ | રાય | ૧૦૭૫ | ૧૨૧૦ |
| ૨૬ | ધાણા | ૧૧૯૦ | ૧૨૪૧ |
| ૨૭ | ધાણી | ૧૦૦૦ | ૧૨૯૪ |
| ૨૮ | અજમા | ૧૪૦૫ | ૧૪૪૦ |
| ૨૯ | મેથી | ૬૭૦ | ૮૩૧ |
| ૩૦ | સોયાબીન | ૬૭૦ | ૮૦૪ |
| ૩૧ | રજકાનું બી | ૪૩૫૦ | ૪૩૫૦ |
| ૩૨ | કાંગ | ૩૨૫ | ૪૮૬ |

## પાના ૧ ઉપરનું ચાલું મુલાકાત લેતા પ્રધાનમંત્રી મોદી

હિંમત બંધાવી હતી. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા તબીબો અને હેલ્થકેર વર્કર્સની મુલાકાત પણ વડાપ્રધાનએ લીધી હતી અને ઈજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યા પછી અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ સચિવઓ સાથે એક ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી. આ બેઠકમાં દુર્ઘટના સંબંધિત તમામ પાસાઓની સમીક્ષા કરવામાં આવી હતી અને ભવિષ્યની કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું મારા ઉતર્યાના દોઢ કલાકમાં

ટેકનિકલ ખામીને કારણે ડિસ્પ્લે બંધ છે. તેમણે આગળ કહ્યું કે, અમદાવાદમાં વિમાનના લેન્ડિંગ દરમિયાન ટકરાવાનો અવાજ પણ આવી રહ્યો હતો. ઈજિપ્ત જતી ફલાઈટમાં કોઈ સમસ્યા કે ભય નહોતો. ફલાઈટ અમદાવાદમાં ઉતરી ત્યારે હું ખૂબ ડરી ગઈ હતી. જ્યારે હું અમદાવાદમાં હતી, ત્યારે લોકોએ વિમાન દુર્ઘટનાના સમાચાર સાંભળવા શરૂ કર્યા. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો માટે મને ખૂબ જ દુઃખ થઈ રહ્યું છે. આ દ્રશ્ય જોયા પછી હું આખી રાત ઊંઘી શકી નહીં. પ્લેન ક્રેશની ઘટનામાં ૧૦૮ ઈમરજન્સીની મહત્વપૂર્ણ કામગીરી રહી. મેઘાણીનગરમાં igp કમ્પાઉન્ડ ખાતે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. ઘટનામાં ૨૫૦થી વધારે લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૪૦ લોકો સારવાર હેઠળ દાખલ છે. સમગ્ર ઘટનામાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં ૧૭૬ લોકોને સ્થળ પરથી ટ્રાન્સફર કરવામાં આવ્યા. ૧૭૬ માંથી પ્લેનમાં સવાર બચનાર એક મુસાફર પણ હતો જેને પણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો. ૧૭૬ સિવાય અન્ય લોકોને ખાનગી એમ્બ્યુલન્સ અને વાહનોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું વિમાનની અંદર કેવો માહોલ હતો?

હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ઘટનાસ્થળે હાજર ગુજરાત ATSના એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ એક હ્રફઈ છે, જે અમે કાટમાળમાંથી મેળવ્યું છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ટીમ ટૂંક સમયમાં અહીં આવશે અને ઉપકરણની તપાસ કરશે, જે અકસ્માત તરફ દોરી જતી ઘટનાઓના ક્રમ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી શકે છે. DVR ની મળવાથી કમનસીબ વિમાન દુર્ઘટનાની છેલ્લી ક્ષણોમાં શું બન્યું તેની માહિતી એકત્રિત કરવામાં મદદ મળશે.

ગુરુવારે અમદાવાદમાં થયેલા આ ભયાનક વિમાન દુર્ઘટનામાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 લંડનના ગેટવિક એરપોર્ટ માટે ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સાથે ઉડાન ભરી હતી. મુસાફરોમાં ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૭ પોર્ટુગીઝ નાગરિકો અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે, જ્યારે બે પાઈલટ સહિત કુલ ૧૨ ક્રૂ સભ્યો ફ્લાઈટમાં હાજર હતા.

અહીં અમે તમને જણાવવા માંગીએ છીએ કે, DVR અને બ્લેક બોક્સમાં તફાવત છે અને અમદાવાદમાં ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનનું બ્લેક બોક્સ હજુ સુધી મળી આવ્યું નથી. DVR (ડિજિટલ વીડિયો રેકોર્ડર) અને બ્લેક બોક્સ બંનેનું કામ ડેટા રેકોર્ડ કરવાનું છે, પરંતુ DVR સામાન્ય રીતે સિક્યોરિટી કેમેરામાંથી ફ્લાઈટનો વીડિયો રેકોર્ડ કરે છે, જ્યારે બ્લેક બોક્સ ફ્લાઈટ ડેટા અને કોકપીટ ઓડિયો રેકોર્ડ કરે છે.

## પાના ૮ ઉપરનું ચાલું ભૂમિ ચૌહાણ એરપોર્ટ

તેણી આ ફ્લાઈટ ચૂકી ગઈ અને આ વિલંબ તેના જીવનનું સૌથી મોટું વરદાન બની ગયું હતું.

ભૂમિ ચૌહાણ, જે લંડનમાં રહેતા તેના પતિ પાસે જઈ રહી હતી. ગુરુવારે સવારે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જવા નીકળી હતી પરંતુ અમદાવાદ શહેરના ભારે ટ્રાફિકે તેનો રસ્તો રોકી દીધો હતો. તે ચેક-ઈન ગેટ પર માત્ર ૧૦ મિનિટ મોડી પહોંચી હતી જેના કારણે તેને બોર્ડિંગની મંજૂરી આપવામાં આવી ન હતી. ભૂમિએ કહ્યું હતું કે, "મેં ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ એરપોર્ટ સ્ટાફે કહ્યું હતું કે વિલંબને કારણે મને ફ્લાઈટમાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હું થોડી નિરાશ થઈને પાછી ફરી હતી."

જ્યારે ભૂમિને આ અકસ્માતના સમાચાર મળ્યા ત્યારે તે ડરી ગઈ હતી. તેણે કહ્યું કે ગણપતિ બાપ્પાએ તેને બચાવી. ભૂમિએ કહ્યું હતું કે, "હું ચેક-ઈન ગેટ પર ૧૦ મિનિટ મોડી પહોંચી, પરંતુ તેમણે મને જવા દીધી નહીં, જેના કારણે મારે પાછા ફરવું પડ્યું. શહેરમાં ટ્રાફિકને કારણે અમને મોડું થયું. જ્યારે મને ખબર પડી કે ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ છે, ત્યારે હું સંપૂર્ણપણે ચોંકી ગઈ હતી. હું મારી દેવી માતાનો આભાર માનું છું કે હું બચી ગઈ, પરંતુ આ ઘટના ખૂબ જ ભયાનક છે."મને લાગે છે કે તે ગણપતિ બાપ્પાની કૃપા હતી કે હું તે ફ્લાઈટમાં નહોતી. હું ભગવાનનો આભાર માનું છું."

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** સાવરકુંડલાના દાદુભાઈ જમાલભાઈ ગોરી (નિવૃત એસટી ડ્રાઈવર) (ઉ.વ. ૭૫) જે દિલાવરભાઈના મોટાભાઈ, ઈકબાલભાઈના કાકા અને સલીમભાઈ, જાવેદભાઈના પિતા અને પત્રકાર ફારૂક કાદરીના સસરા તા. ૧૩ને શુક્રવારના રોજ અલ્લાહપાકની રહેમતમાં પહોંચી ગયેલ છે. મરહુમની જીયારત તા. ૧૫ને રવિવારે સવારે ૧૦થી ૧૧ મસ્જીદે ઉસ્માન ઉંમર ખાતે, નવા કબ્રસ્તાન, મહુવા રોડ પર અને ઓરતોની જીયારત મરહુમના નિવાસસ્થાન પ્રેસ ગ્રાઉન્ડ નગરપાલિકા કચેરી પાછળ, મણિનગર, મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૨૧ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૪૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૩૧૦૦ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૭૮૫ |
| ૮ | કપાસ | ૧૩૮૦ | ૧૫૬૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૭૫ | ૪૫૦ |
| ૧૨ | જુવાર | ૫૫૪ | ૭૭૫ |
| ૧૩ | મગ | ૧૧૫૦ | ૧૪૧૧ |
| ૧૪ | અડદ | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૧૫ | ચણા | ૯૭૫ | ૧૧૦૮ |
| ૧૬ | તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૭ | એરંડી | ૧૧૨૫ | ૧૨૭૫ |
| ૧૮ | મેથી | ૫૫૦ | ૭૫૦ |
| ૧૯ | ધાણા | ૮૫૦ | ૧૧૦૯ |

## પાના ૮ ઉપરનું ચાલું રોશનીએ ગુમાવ્યો જીવ

દુર્ઘટનાના બે દિવસ પહેલા રોશની સોંઘરે માદરે વતન ગઈ હતી. ત્યા તેમણે પરિવાર સાથે ગામના મંદિરમાં કુળદેવતાના દર્શન કર્યા હતા. ત્યારબાદ રોશની સોંઘરે અમદાવાદથી લંડન માટે ફલાઈટ પકડી હતી અને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે. રોશનીના પિતા રાજેન્દ્ર સોંઘરેના જણાવ્યાનુસાર, એર ઈન્ડિયા તરફથી કોઈ સત્તાવરા એર ઈન્ડિયા તરફથી કોઈને સત્તાવાર ફોન આવ્યો નથી. જો કે, એર ઈન્ડિયાના કેટલાક સાથીદારો રોશનીના પરિવાર સાથે અમદાવાદમાં છે.

ઉલ્લેખનીય છે કે, એર ઈન્ડિયાનું વિમાન સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલની ઈમારતમાં તૂટી પડ્યું હતું. જેના બાદ પ્રચંડ વિસ્ફોટ થતાં વિમાનમાં સવાર ૨૪૧ લોકો અને હોસ્ટેલ તેમજ કેન્ટીન અને આજુબાજુના બિલ્ડિંગમાં હાજર લોકો પણ આ અકસ્માતનો ભોગ બન્યા હતાં. આ દુર્ઘટનમાં ૨૬૫ લોકોના મૃત્યુ નીપજ્યાં હોવાના અહેવાલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સ્કૂલો બંધ રહેશે

લંડન હતાં. આ ઘટના બાદ તેઓ લંડનથી અમદાવાદ આવ્યાં છે. આજે તેઓ પરિવાર સાથે પીએમ મોદીને મળ્યાં હતાં.

પીએમ મોદી વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી. વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. સરળ અને સાલસ સ્વભાવના વિજયભાઈ ખૂબ મહેનતુ હતા તથા પક્ષની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હતા. એક પાયાના કાર્યકર તરીકે જાહેર જીવનમાં કારકિર્દીની શરૂઆત કરી તેઓ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ વધુમાં એક્સ પર લખ્યું છે કે, વિજયભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મારે તેમની સાથે ઘનિષ્ઠતાથી કામ કરવાનું થયું હતું. તેઓએ ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવા ઘણાં પગલાં હાથ ધર્યાં હતાં જેમાં 'ઈઝ ઑફ લિવિંગ' એ નોંધપાત્ર છે. તેઓની સાથે થયેલ મુલાકાતો અને ચર્ચા હંમેશાં યાદ રહેશે. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના... ૐ શાંતિ

## પાના ૧ ઉપરનું ચાલું ભગવદ ગીતા સુરક્ષિત રહી

લંડનની યાત્રા કરી રહ્યો હશે. જ્યાં બધા સામાન સળગીને રાખ થઈ ગયો છે, ત્યાં ભગવત ગીતા સંપૂર્ણ રીતે સુરક્ષિત અને વાંચવા યોગ્ય અવસ્થામાં હતા. ત્યાં હાજર લોકો તેને ચમત્કારની જેમ જોઈ રહ્યાં છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં, એક વ્યક્તિ અકસ્માત સ્થળે કાટમાળમાંથી ગીતાના પાના બતાવતો જોવા મળે છે. વિમાનના ખરાબ રીતે બળી ગયેલા અને ક્ષતિગ્રસ્ત ભાગો વચ્ચે ભગવદ ગીતાની સલામત શોધ માત્ર ચમત્કારિક માનવામાં આવી રહી નથી, પરંતુ તે લોકોની શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક પણ બની ગઈ છે. અકસ્માત સ્થળે હાજર એક વ્યક્તિ ગીતાના પાના બતાવતો આ વીડિયો સોશિયલ મીડિયા પર લોકોની લાગણીઓને સ્પર્શી ગયો છે.

આ વચ્ચે લંડન સ્થિત એક હિંદુ મંદિરમાં લગભગ ૧૦૦ લોકો એકઠા થયા અને મૃતકોની આત્માની શાંતિ તથા પીડિત પરિવારો માટે પ્રાર્થના કરી. યોગવિવેકદાસ સ્વામીએ સભાને સંબોધિત કરતા કહ્યુ કે આ ઘડીમાં પ્રાર્થના સૌથી મોટો સહારો છે. તેમણે કહ્યું કે આ સમય સામૂહિક સંવેદના અને આત્મચિંતનનો છે.

તમને જણાવી દઈએ કે આ દુર્ઘટના તેવા સમયે થઈ જ્યારે અમદાવાદ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાના વિમાન ડ્રીમલાઈનરે લંડન માટે ઉડાન ભરી હતી. ઉડાન ભરવાની સાથે વિમાન એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ ગયું હતું. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં માત્ર વિશ્વાસકુમાર નામના વ્યક્તિનો બચાવ થયો છે. તે સીટ નંબર ૧૧છ પર ઈમરજન્સી દ્વારની બાજુમાં બેઠો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું ફ્લાઈટમાંથી નીચે પડ્યો હતો

રિપોર્ટ મુજબ વિશ્વાસ રમેશ છેલ્લા ૨૦ વર્ષથી લંડનમાં રહે છે. તેની પત્ની અને બાળક પણ ત્યાં રહે છે. તે ભારતમાં તેના પરિવારને મળવા આવ્યો હતો અને તેના મોટા ભાઈ અજય કુમાર રમેશ (૪૫) સાથે યુકે પરત ફરી રહ્યો હતો. બંનેએ દીવની મુલાકાત લેવાની યોજના બનાવી હતી અને અજય વિમાનમાં અલગ સીટ પર બેઠો હતો. અકસ્માત પછી વિશ્વાસે કહ્યું, "હું મારા ભાઈને શોધી શકતો નથી." એક ડૉક્ટરે કહ્યું કે વિમાન દુર્ઘટના પછી વિશ્વાસ વિમાનમાંથી પડી ગયો અને કાટમાળની નજીકથી એમ્બ્યુલન્સ સુધી ચાલ્યો ગયો. ડૉક્ટર ધવલ ગામેટીએ કહ્યું કે વિશ્વાસને ઘણી જગ્યાએ ઈજાઓ થઈ છે, પરંતુ હવે તેનો જીવ જોખમમાં નથી.

અન્ય મેડિકલ સ્ટાફના જણાવ્યા મુજબ, વિશ્વાસે કહ્યું કે વિમાન ઉડાન ભરતાની સાથે જ તે નીચે પડવા લાગ્યું અને પછી બે ટુકડા થઈ ગયું. આ દરમિયાન તે બહાર પડી ગયો અને પછી જોરદાર વિસ્ફોટ થયો. અકસ્માત પછી, વિશ્વાસે યુકેના લેસ્ટરમાં તેના સંબંધીઓને ફોન કર્યો. તેના પિતરાઈ ભાઈ અજય વાલ્ગીએ બીબીસીને જણાવ્યું કે વિશ્વાસે ફક્ત એટલું જ કહ્યું કે તે ઠીક છે. જ્યારે, તેના ભાઈ નયન કુમાર રમેશે સ્કાય ન્યૂઝને જણાવ્યું કે અકસ્માતની થોડીવાર પછી વિશ્વાસે તેના પિતાને વીડિયો કોલ કર્યો અને કહ્યું, "વિમાન ક્રેશ થયું છે. મને ખબર નથી કે મારો ભાઈ ક્યાં છે. હું બીજા કોઈ મુસાફરને જોઈ શકતો નથી. મને સમજાતું નથી કે હું કેવી રીતે જીવિત છું."

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૦ | ૧૦૬૯ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૦૮ |
| ૩ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | મગ | ૧૧૦૦ | ૧૩૫૨ |
| ૫ | તલ કાળા | ૨૦૦૧ | ૨૪૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૨૦ | ૧૭૦૦ |
| ૭ | શીંગ દાણા | ૧૭૧૧ | ૧૭૧૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૧૦ | ૧૨૬૫ |
| ૯ | એરંડા | ૮૬૦ | ૧૨૫૧ |
| ૧૦ | ધાણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૮૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૪૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૯૬ |
| ૪ | ધાણા | ૮૦૦ | ૧૧૨૫ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ૬ | જુવાર | ૬૪૨ | ૬૪૨ |
| ૭ | શીંગફાડા | ૮૨૫ | ૧૪૦૦ |
| ૮ | મગફળી | ૮૦૫ | ૮૯૦ |
| ૯ | તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૩૦ |
| ૧૦ | સોયાબીન | ૫૫૪ | ૮૦૫ |
| ૧૧ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મગ | ૧૩૦૫ | ૧૫૪૦ |
| ૧૩ | જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૦૬૫ |
| ૧૫ | બાજરો | ૪૦૨ | ૪૬૦ |

## પાના ૮ ઉપરનું ચાલું વધુ એક દિવસ લો પણ બોડીનો

કાકા-કાકી ગુમાવનાર ભત્રીજા મહેશભાઈ પોતાની ભીની આંખે જણાવ્યું કે, સવારે અમે સૌ મૂકવા ગયા અને બપોરે હજી પરત આવ્યાને થોડો સમય થયો ત્યાં પ્લેન ક્રેશના સમાચાર સાંભળ્યા જે પછી તરજ મોબાઈલ ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસો કર્યા હતા. જોકે મહાદેવભાઈ પવારના મોબાઈલ ફોન પર રીંગ જાય પણ રીસીવ ન કરતા અમે ચિંતામાં મૂકાયા અને તમામ કામકાજ છોડી તમામ લોકો અમદાવાદ દોડ્યા હતા. જ્યાં સૌપ્રથમ તો એરપોર્ટ પર ગયા હતા જયાંથી માલૂમ પડ્યું કે તમામને અસારવા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જોકે ત્યાં હોસ્પિટલમાં રોકકડ અને વાતાવરણ જ તંગ હતું. ચારેય તરફ અફડાતફડીનો માહોલ હતો. આમ છતાં મોડી રાત્રે ડીએનએ લેવાયા છે.

વધુમાં તંત્રને બેહાથ જોડીને તેમણે અપીલ કરી છે કે, ૭૨ કલાકથી વધુ એક દિવસ લો પણ બોડીનો પ્રોપર પાર્ટ વ્યવસ્થિત રીતે અમને આપો આ ફક્ત મારા એક પુરતી વાત નહીં તમામે તમામ લોકો માટે છે અમારી લાગણી સિધી અમારા પરિવારજનો સાથે જોડાયેલી છે. આ અમારી સૌની લાગણી છે તેવી સરકારને અપીલ છે. મહાદેવભાઈના પુત્રએ પણ કહ્યું કે હાલ સુધી મારા પિતાનો ફોન પર રીંગ જઈ રહી છે. એરપોર્ટ પર લીધેલી અંતિમ તસ્વીર ક્ષણની અંતિમ બની ચૂકી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું

રહ્યા છે અને બધા સુરક્ષિત છે.

લેન્ડિંગ પછી તરત જ, સુરક્ષા કારણોસર ફ્લાઈટમાં હાજર તમામ મુસાફરોને નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. આ સાથે, સમગ્ર વિમાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. શુક્રવારે સવારે ૯:૩૦ (૦૨૩૦) વાગ્યે ફૂકેટ એરપોર્ટથી દિલ્હી માટે ફ્લાઈટ ઉડાન ભરી હતી. પરંતુ આંદામાન સમુદ્ર નજીક ધમકી મળતાં તેને પાછી લેન્ડ કરવામાં આવી હતી.

ઈઝરાયલ દ્વારા ઈરાન પર હુમલા બાદ, બંને દેશોએ તેમના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આ જ કારણ છે કે, ભારતથી જતી ઘણી ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી છે અને ઘણી રાજધાની દિલ્હી પરત ફરી રહી છે. આ અંગે પણ, એર ઈન્ડિયાએ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. આ સાથે, તેમણે શક્ય તમામ મદદની ખાતરી પણ આપી છે.

એર ઈન્ડિયાની આ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના એક દિવસ પહેલા જ અમદાવાદમાં એક મોટી દુર્ઘટના બની હતી. અહીં એક બોઈંગ વિમાન ક્રેશ થયું હતું. જેમાં ૨૫૦ થી વધુ લોકોના મોત થયા હતા. આ વિમાન ટેકઓફ થયાની થોડીક સેકન્ડ પછી જ ક્રેશ થયું હતું. આ ઘટના પછી, એર ઈન્ડિયાની બીજી ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીએ બધાને ચિંતામાં મૂકી દીધા છે.


## :: જાહેર નોટિસ ::

**અરજદાર :** **શ્રી હરિયાણી માધવી રાજેશભાઈ + ૧**

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** **શ્રી વિનોદરાય લક્ષ્મીરાય ગોંડલીયા + ૧૧**

**બાબત :** સ્કીમ અરજી ક્રમાંક : ૧૮/૨૦૨૪ અંગે

**સંદર્ભ :** અમરેલી જીલ્લા વૈષ્ણવ સાધુ (વૈરાગી બાવા) સમાજ, અમરેલી નો.નં.એ./૧૨૪૧/અમરેલી


ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરિટી કમિશનરશ્રી ભાવનગર સમક્ષ સને–૧૯૫૦ ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમની કલમ–૫૦(અ) મુજબની અરજી કરીને એવી દાદ માંગી છે કે ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે સ્કીમ ઘડવાની જરૂર છે.

તેથી સદરહું ટ્રસ્ટમાં હીત ધરાવનાર સઘળાને આથી ખબર આપવામાં આવે છે કે સદર ટ્રસ્ટનાં સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ ? અને ઘડવી તો કેવી ? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈને જો વાંધા, સુચનો કે રજુઆતો કરવી હોય, તો તેવી રજુઆતોની બે નકલ, જેમાં એક નકલ જરૂરી પ્રમાણીત આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામાની સાથે નીચે જણાવેલ ટ્રસ્ટ/અરજદારના સરનામે મોકલી તથા તેની પ્રત અત્રેની કચેરીને રજી. પો.એડી.થી મોડામાં મોડા તા.૦૩/૦૭/૨૦૨૫ સુધીમાં કે તે પહેલા મળે તે રીતે મોકલી આપવા આથી જાણ કરવામાં આવે છે.

સ્કીમ અરજીની સુનાવણીની તથા આવેલ વાંધા, રજુઆતોની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરીમાં તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. લેખીત વાંધા, સુચન, રજુઆત કરનારે ઉપર જણાવેલ સુનાવણીના સમયે અત્રેની કચેરીમાં અચુક જાતે કે માન્ય પ્રતિનીધી મારફતે અસલ આધારો સાથે હાજર રહેવું. તેમ કરવામાં કસૂર કર્યેથી જોગવાઈ અનુસાર સંસ્થા હિતમાં આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

| ટ્રસ્ટ / અરજદારનું સરનામું | કચેરીનું સરનામું |
|---|---|
| શ્રી હરિયાણી માધવી રાજેશભાઈ બ્લોક નં.૧, મણીનગર, સાંઈ મંદિર પાસે, યોગેશ્વર રો–હાઉસ સોસાયટી, અમરેલી–૩૬૫૬૦૧ | સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, ભાવનગર, પ્લોટ નં.૪૬૫/એ, શિશુવિહાર પાસે, પ્રભુદાસ તળાવ, ભાવનગર |

આજ તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.



તૈયાર કરનાર : એસ.બી.કટુડીયા હિસાબનિશ

(સી.કે.જોષી) સંયુકત ચેરિટી કમિશનર ભાવનગર


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૧૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૪ | જીરૂ | ૨૯૧૦ | ૩૬૦૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૧૦ | ૨૦૫૦ |
| ૭ | તલ કાળા | ૨૪૦૫ | ૩૧૫૦ |
| ૮ | ચણા | ૧૦૬૦ | ૧૦૯૫ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૪૮૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૧૦૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૭૪ |
| ૩ | તલ કાળા | ૨૨૦૧ | ૨૨૯૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૩ |
| ૫ | બાજરો | ૨૬૩ | ૪૭૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| ૭ | જુવાર | ૨૭૨ | ૮૪૫ |
| ૮ | મકાઈ | ૫૧૬ | ૫૬૧ |
| ૯ | મગ | ૧૧૪૦ | ૧૩૬૬ |
| ૧૦ | અડદ | ૧૦૬૦ | ૧૩૦૦ |
| ૧૧ | તુવેર | ૫૦૦ | ૯૫૦ |
| ૧૨ | ચણા | ૭૭૦ | ૧૦૭૩ |
| ૧૩ | ધાણા | ૬૦૦ | ૯૭૦ |
| ૧૪ | મેથી | ૭૦૧ | ૭૫૦ |
| ૧૫ | સોયાબીન | ૭૫૦ | ૭૮૦ |
| ૧૬ | શીંગદાણા | ૧૧૨૦ | ૧૧૨૦ |

# અમરેલી જિલ્લાની શાળા–કોલેજમાં માર્ગ સલામતી અંગે તાલીમ અપાઈ




અમરેલી જિલ્લા વાહન વ્યવહાર કચેરી અને જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા જિલ્લાની વિવિધ શાળા–કોલેજમાં માર્ગ સલામતી વિષયક તાલીમ કાર્યક્રમ તેમજ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. માર્ગ સલામતી માટે નાગરિકો જાગૃત્ત થાય, માર્ગ અકસ્માતની સંખ્યા ઘટે તે ઉદ્દેશ્ય સાથે વિવિધ જનજાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સમાજમાં માર્ગ સલામતી અંગેની જાગૃત્તિ આવે તે માટે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને તે અંગેની સમજ અને કેળવણી આપવા માટે શાળા કક્ષાએ વિવિધ જાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જૂન માસના બીજા સપ્તાહથી વેકેશન પૂર્ણ થતાં જિલ્લાની તમામ સરકારી અને ખાનગી શાળામાં નવા સત્રથી બાળકોના અકસ્માત ઘટે તે માટે સગીર વયના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. અમરેલી જિલ્લા વાહન વ્યવહાર કચેરી અને જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા યોજવામાં આવી રહેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થી અને તેમના વાલીઓને વાહન ચલાવવા વિષયક અને માર્ગ પર રાખવાની સાવચેતી વિશે સમજૂતી આપવામાં આવી. શાળાએ જતાં વિદ્યાર્થીઓ શાળાએ જવા દ્વિ ચક્રી વાહન લઈ ન જાય તે માટે તેમને સુશિક્ષિત કરવા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાની સરકારી અને ખાનગી શાળાએ જતાં વિદ્યાર્થીઓ શાળાએ આવવા અને જવા માટે સ્કુલ વાન કે ઓટોનો ઉપયોગ કરે અને તે વાહનમાં ક્ષમતાથી વધુ વિદ્યાર્થીઓ ન બેસે તે માટે જાગૃત્ત બનવા અનુરોધ કરવામાં આવ્યો છે. શાળાએ જતું સ્કુલ બસ /વાન કે ઓટો રિક્ષા સહિતના વાહનમાં નિયમોનુસાર ક્ષમતા મુજબ વિદ્યાર્થી બેસે અને વાહન સલામત રીતે ચલાવવામાં આવે તે માટે વિદ્યાર્થીઓ અને તેના વાલીઓને સતર્ક રહેવા જણાવવામાં આવ્યું. શૈક્ષણિક વર્ષના નવા સત્રના પ્રારંભે જિલ્લાભરની શાળાઓમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ તેમજ સ્કુલ માટે ઉપયોગમાં લેવામાં આવતા વાહન ચાલકમાં જન જાગૃત્તિ લાવવા આજે શુક્રવારના રોજ યોજાયેલ શાળાઓની પ્રાર્થનામાં આ અંગે એક સેશન ગોઠવવામાં આવ્યું હતું. માર્ગ સલામતી માટે શાળાના સ્ટાફ, વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ ડ્રાઈવર સ્ટાફને માર્ગ સલામતી વિષયક બાબત, ટ્રાફિકના નિયમો તેમજ સેફ ડ્રાઈવિંગ અંગેની જાણકારી અને સમજ આપવામાં આવી. આ ઉપરાંત માર્ગ સલામતીના તજજ્ઞની બેઠકનું આયોજન કરી માર્ગ સલામતી વિષયક તાલીમ અને વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ટ્રાફિક સાઈન બોર્ડ વિશે અવગત થાય તે માટે શાળા કક્ષાએ પોસ્ટર મેકિંગ કે પોસ્ટર પ્રદર્શન કે માર્ગ સલામતીને લગતા વ્યાખ્યાયન સહિતના કાર્યક્રમનું આયોજન થશે. એક અહેવાલ મુજબ મૃત્યુના કિસ્સામાં, દ્વિ ચક્રી વાહનચાલકોનાં માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુના કિસ્સા બને છે. તેનો અંદાજ ૪૫% જેટલો છે. તે કિસ્સામાં ૧૮ થી ૪૫ વર્ષના વય જૂથના યુવા વર્ગની સંખ્યા વધારે છે. આથી, માર્ગ સલામતી વિષયક કાર્યક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓને જોડાય વાહન ચલાવવા માટે અને માર્ગ પર રાખવાની સાવચેતી માટે જાગૃત્ત થવા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## ૧૪ જુન, વિશ્વ રક્તદાતા દિવસ : રક્તદાન મહાદાન

# "રક્ત એ એવી એક ભેટ છે જે પૈસાથી નથી ખરીદી શકાતી જયારે તમે રક્તદાન કરો છો, ત્યારે તમે માત્ર લોહી નથી આપતા, તમે એક આશા, એક જીવન અને એક પરિવારને ખુશી આપો છો"

અમરેલી, તા. ૧૩

દર વર્ષે ૧૪ જુનનાં રોજ રકતદાતા દિવસની ઉજવણી કરવામાં આવેછે. કાર્લલેન્ડસ્ટેઈનર કેજે એબીઓ રકતસમૂહ પ્રાણીલી (એબીઓ બ્લડ ગ્રુપસીસ્ટમ)નાં શોધકછે. આમાટે તેમને ૧૯૩૦માં વર્ષનું નોર્બલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મદિવસ ૧૪મી જુન ૧૮૬૮ છે. વિશ્વને રકતદાનનું મહત્વ સમજાવવા વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષ ૨૦૦૭થી એમનાં જન્મ દિવસ (૧૪ જુન)ને વિશ્વ રકતદાન દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી. વિશ્વ રકતદાતા દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રકતદાન અંગે જાગરૂત કરવાનો છે. લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે. તો બ્લડ બેંન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે. જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રતકદાન કરવાથી કેટલાક લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ–દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે. કે રકતદાન કેટલું જરૂરી છે. આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખુબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા–બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અધતન સાધનોની મદદથી ઝડપી અને ખુબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શકયું નથી. એના માટે ઘણા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહીએ




ફકત અને ફકત કોઈ રકતદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી લોહોની ખુબ જ અછત ઊભી થાય છે. સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાના હેતુથી રકતદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રકતદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગના લોકો જેમણે રકતદાન નથી કર્યુ હોતું તેમનો રકતદાન અંગે અભિપ્રાય એવો હોય છે. એમને કયારેય રકતદાન વિશે વિચાર્યુ જ નથી હોતું આનો મતલબ એ કે સમાજમાં હજું પણ રકતદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રકતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રકતદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખુબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે. કારણ કે યુવાનો રકતદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રકતદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી–જુદી બ્લડ બેંન્ક ધ્વારા કોલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રકતદાન શિબિર યોજી યુવાનોને રકતદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખુબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રકતદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહી સુરક્ષિત છે કે નહિ તે ખુબ જ અગત્યની બાબત છે. રકતદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બેંન્કમાં જઈને રકતદાન કરાયું હોય છે. આ સંજોગોમાં રકતદાન શિબિરમાં સલામત રકતદાન અંગેની પુરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે કેટલીક વખત રકતદાતા બિનસલામત સોય કે તેવો કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હેવના સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખુબ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રકતદાન શિબિર ધ્વારા કરવાનું ચલણ વધ્યું છે. જે ખુબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજું ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રકત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ

'સાહિત્ય સર્જક : હાસ્ય'

મિત્તલ ખેતાણી

૯૮૨૪૨ ૨૧૯૯૯



# રાજુલા : હોટલ કોહિનુર ગ્રુપ રાજુલા દ્વારા નાગેશ્રી મુકામે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન

રાજુલા, તા. ૧૩

રાજુલા શહેરમાં હોટલ ગ્રુપના માલિક દિલુભાઈ વઢ દ્વારા ભાવનગર સોમનાથ હાઈવે પર શિવ શક્તિ હોટલ ખાતે વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં આ કાર્યક્રમમાં નાગેશ્રી ખાતે ભાવનગર સોમનાથ હાઈવે પર પગપાળા ચાલીને જતા યાત્રિકોને રહેવા તથા જમવા માટે નિશુલ્ક વ્યવસ્થા શિવ શક્તિ હોટલ એન્ડ રેસ્ટોરન્ટ ખાતે કરવામાં આવેલ છે. સાથે સાથે દિલુભાઈ અમરૂભાઈ ના પિતૃના મોક્ષાર્થ છે. નાગેશ્રી ગામ માટે નાગેશ્રી ગ્રામ પંચાયત કચેરીને શાંતિ રથ અર્પણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અનેક સંતો મહંતો અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે.

વિશ્રામ ગૃહ તેમજ નિશુલ્ક ભોજનાલય ઉદ્ઘાટન રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર તેમજ ડોકટર બી.બી વરૂ ટ્રસ્ટી તુલસીશ્યામ મંદિરના હસ્તે રાખવામાં આવેલ છે. ત્યારે ખાસ શિવ શક્તિ હોટલના તેમજ રેસ્ટોરન્ટ નું ઉદ્ઘાટન ગૌતમભાઈ વઢ ઉપપ્રમુખ માર્કેટિંગ યાર્ડ ટીંબી તેમજ નરેન્દ્રભાઈ વઢ સરપંચ નાગેશ્રી તેમજ ગોલણબાપુ નાગેશ્રી તેમજ ચાપરાજ બાપુ કાઠી સમાજ અગ્રણી મીઠાપુરના હસ્તે રાખવામાં આવેલ છે. તેમજ શાંતિ રથનું લોકાર્પણ ભક્તિરામ બાપુ માનવ મંદિર આશ્રમ સાવરકુંડલા અમરદાસબાપુ નિંગાળા તેમજ બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુ દાદા રાજગોર તેમજ સેફાદાદા જોશી બ્રહ્મ સમાજ અગ્રણીના હસ્તે રાખવામા આવેલ છે. તેમજ નાગેશ્રી ગામમાં રહેતા અંદાજિત ૪૯૦ વિધવા બહેનો ને દિલુભાઈ વરૂ અને તેમના પરિવાર દ્વારા સાડી આપવામાં આવશે સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બપોર ના ૧૧:૩૦ કલાકે મોમાઈ વડ મંદિર દિલુભાઈ વરૂના જયદીપ્ય ભાઈ, ઘનશ્યામભાઈ વરૂના કર નિમિતે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં શાસ્ત્રી તરીક ભાવેશદાદા શાસ્ત્રી તેમજ કુળગોળ હરેશદાદા જોષી નાગેશ્રી ખાસ હાજર રહેશે. મૂળ ગામ નાગેશ્રીના રહેવાસી અને પોતાનું વતન જયારે નાગેશ્રી હોય ત્યારે હાલ દિલુભાઈ વરૂ રાજુલા શહેરમાં વર્ષોથી રહેતા હોય. ત્યારે વતનનું ૠણ અદા કરવાનું આ એક સુંદર અવસર હોય ત્યારે સમગ્ર મિત્રો વર્તુળ તેમજ રાજકીય કાર્યકરો આગેવાનો સહિત અનેક લોકો હાજર રહેશે.

## આટલી જ તો વાર લાગે...

મોત બોલાવે ને તે તો પછી
પાણી પણ કયાં માંગે?
પંચમહાભુતે ભળતાં બસ
આટલી જ તો વાર લાગે
સ્મશાન વૈરાગ્ય સૌનો જો
ટકી જાય ને આજીવન
દર્દી, દરિદ્ર અને
અબોલનાં પછી બધાં દુ:ખો ભાંગે
કોક જાગે–કોક તો જાગે
એમ વદાડ તો બહું કર્યો
છેલ્લો મોકો જ છે આ હવે
જો સ્વ આત્મા જાગે
ભોગ ન ભોગવે એને
ઈચ્છા એની જ તો થાય પુરી
જીવતાં જીવ અને મોજથી
જ જે ઈચ્છાઓ ત્યાગે
છેતરવાનાં બંધ કરીને
છેતરાવાનું કરી દયો હવે શરૂ
મોક્ષ માટે અસ્તિત્વ
ભકિત, ભોળપણ, ભલાઈ માંગે
કર્મો, કુકર્મો ભોગવવાં પડે
છે જાતને જ જાતેજાતે જ
એમાં કયાં વારસ,
ભાગીદાર, મિત્ર કે સગાં ભાગ માંગે

–મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)નાં કાવ્યસંગ્રહ 'તાંદુલ, ભાજી, બોરમાંથી

## વર્ષો પસાર થયા સુવિધામાં કોઈ વધારો ન થયો

# સાવરકુંડલાનાં હાથસણી માર્ગને સુશોભીત કરવા માટે શાસકોએ આગળ આવવુ જરૂરી

## સીનિયર સિટીઝન પાર્ક સહિતની સુવિધાની માંગ



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરના હાથસણી રોડ પર રોડની બંને બાજુ ફૂટપાથ કરવા તથા વૃક્ષારોપણ કરવા તેમજ જાહેર સરકારી જગ્યા કે કોમન પ્લોટમાં સિનિયર સિટીઝન પાર્ક અને બાળકો માટે ક્રિડાંગણ બનાવવા માટે તથા રસ્તા પર સ્પીડ બ્રેકરની વ્યવસ્થા છેલ્લા ઘણા વર્ષોથી ઈચ્છે છે. આ સંદર્ભે જે તે સમયે સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખ તથા અમરેલી જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિ સમક્ષ સાવરકુંડલા વોર્ડ નંબર પાંચનાં રહેવાસીઓ તથા નગરપાલિકા સદસ્યો દ્વારા લેખિત રજૂઆત પણ કરવામાં આવી. પરંતુ હજુ સુધી કોઈ યોગ્ય વ્યવસ્થા થઈ નથી...!!

આમ તો સાવરકુંડલા શહેરનો હાથસણી રોડ એટલે લગભગ વીશહજારની વસ્તી ધરાવતો વિસ્તાર આ રોડ પર જ સાવરકુંડલા શહેરનું ખ્યાતનામ માનવમંદિર તથા શિવદરબાર આશ્રમ કાનાતળાવ આવેલાં છે. આ રોડ પર સમગ્ર ગુજરાત અને દેશ વિદેશમાંથી આ સંસ્થાની મુલાકાત લેવા અનેક વ્યકિતઓ આવે છે. આ રોડ આમ તો સતત ટ્રાફિકથી ધમધમતો રહે છે. એટલે ખાસ કરીને આ વિસ્તારના બાળકો, સિનિયર સિટીઝન સમેત શહેરના અનેક લોકો આ રોડ પર સવાર સાંજે પગપાળા ચાલીને વોકિંગમાં નિકળતાં હોય છે. આ વિસ્તારમાં અનેક વાહનો પસાર થતાં હોય એટલે પગપાળા જતા લોકોને મુશ્કેલી ખૂબ પડે છે.

અને અકસ્માતો થવાનો ભય રહે છે એને ધ્યાનમાં રાખીને આ રોડની બંને બાજુ પેવિંગ બ્લોકથી ફૂટપાથ બનાવવામાં આવે તો રાહદારીઓને થોડી સરળતા રહે. આજનું બાળપણ હવે ડીઝીટલ હાઈટેક યુગમાં વિડિયો ગેમ, કોમ્પ્યુટર કે મોબાઈલ સામે સતત બેસી રહે છે. જો આવી ને આવી પરિસ્થિતિ રહી તો દેશનુ યુવા ધન પણ નિર્માલ્ય થઈ જવાની સંભાવના સેવાઈ રહી છે. એટલે બાળકોના શારીરિક અને માનસિક વિકાસ અને સ્વસ્થતા માટે મેદાની રમતો કે થોડી શારીરિક કસરત થાય તેવા સાધનો અર્થાત બાળક્રિડાંગણ જેવી વ્યવસ્થા અને સિનિયર સિટીઝન પાર્ક બને તે માટે નગરપાલિકા દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવે તેવું સાવરકુંડલા વોર્ડ નંબર પાંચનાં સદસ્યો સમેત આ વિસ્તારના રહીશો ઈચ્છી રહ્યા છે. આ સંદર્ભે જે તે સમયે નગરપાલિકા ચીફ ઓફિસર, નગરપાલિકા પ્રમુખ, અમરેલી જીલ્લા બાંધકામ સમિતિના ચેરમેન તથા અમરેલી સાંસદ વગેરેને આ વિસ્તારની આ બાબતથી લેખિત રજૂઆત દ્વારા અવગત પણ કરાવવામાં આવેલ છે પ્રસ્તુત તસવીરમાં આ સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણીને લેખિત રજૂઆતની નકલ સુપરત કરતી તસવીર તેની સાક્ષી છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના તે સમયના ચેરમેન પુનાભાઈ ગજેરા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા વગેરે મહાનુભાવોને પણ રજૂઆત કરવામાં આવેલ. આ રજૂઆતને પણ ત્રણ વર્ષ કરતાં વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં હજુ પણ હાથસણી રોડની સ્થિતિમાં હજુ કોઈ નોંધનીય સુધારો થયો નથી. તો આ સંદર્ભે હાથસણી રોડ પર રહેતાં લોકોની આ માંગ પૂર્ણ કરવા નગરપાલિકા, જિલ્લા પંચાયત દ્વારા સંકલન સાધી હાથસણી રોડને યુપ્રધના ધોરણે ફૂટપાથ વગરે સુવિધા ઉપલબ્ધ કરાવવા નગરપાલિકા જિલ્લા પંચાયત દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. આ સંદર્ભે સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઊંડો રસ દાખવી આ રોડનો પુનરોધ્ધાર કરે એવું લોકો ઈચ્છી રહ્યા છે.

# બગસરા : જુના સ્વામીનારાયણ મંદિર ખાતે અમદાવાદ ખાતે થયેલ પ્લેન દુર્ઘટનાનાં મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા જુના સ્વામી નારાયણ મંદિરના સ્વામી વિવેકસ્વરૂપ સ્વામી ધ્વારા બગસરાના જુના સ્વામી નારાયણ મંદિર ખાતે અમદાવાદમાં ઈન્ડિયન એરલાઈનના પ્લેન દુર્ઘટનામાં થયેલ ૨૯૦ મૃતકોને પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતિ આપે તેમજ તેમના પરિવાર ઉપર આવી પડેલ અચાનક દુ:ખની ઘડીને સહન કરવાની શકિત પ્રદાન કરે. આ શ્રધ્ધાંજલિ અર્પણમાં બગસરાની સામાજિક સંસ્થાના આગેવાનો તેમજ સામાજિક કાર્યકતાઓ બગસરાના રાજકીય તેમજ વેપારીઓ સહિત સ્વામી ભકતો એ શોક વ્યકત કર્યો હતો. આ કાર્યકમનું આયોજન બગસરા સ્વામી નારાયણ મંદિરના વિવેકસ્વરૂપ સ્વામી એ કરેલ. બગસરાના વિવિધ આગેવાનો દ્વારા શબ્દોથી શ્રધ્ધાંજલિ તેમજ બે મિનિટ મૌન પાડીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

આંખની કીકીના નિષ્ણાંત હવે અમરેલીમાં
■ કોરી આંખ (ડ્રાય આઈ સિન્ડ્રોમ)
■ આંખ ના કેન્સર જેમ કે OSSN
■ લીંબલ સ્ટેમ સેલ ડિફીશિઅન્સી (LSCD)
■ ઈજા ના કારણે કીકી ફાટી જવી
■ કોન્ટેક્ટ લેન્સ તથા તેના કોમ્પ્લિકેશન
■ અન્ય કીકી ને લગતા રોગો
■ કીકીમાં રસી તથા ઇન્ફેક્શન
■ ચેપ
■ કેમિકલ ઇન્જરી
■ કીકી ગળવી
■ કેરેટોકોનસ (શંકુ કીકી)
■ કીકીમાં સોજો રેહવો
તારીખ : ૧૪/૦૬/૨૦૨૫, શનિવાર
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. તન્વી કામોઠી
(MBBS. MS, FCORS)
આંખની કીકીના નિષ્ણાંત
હવે... બદલાશે સારવારની પરીભાષા
24x7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯, મો.૯૯૭૮૯ ૬૬૬૨૬

### કાકા-કાકી ગુમાવનાર ભત્રીજાએ કહ્યું

# વધુ એક દિવસ લો પણ બોડીનો પ્રોપર પાર્ટ વ્યવસ્થિત રીતે અમને આપો

**નડિયાદથી UK પ્રથમ વખત જતા પવાર દંપતિએ છેલ્લો વિડિયો કોલ કરી પુત્રને ખુશી બતાવી હતી**

ખેડા, તા.૧૩

અમદાવાદમાં પ્લેન ક્રેસ દુર્ઘટના ખેડા જિલ્લા માટે દર્દનાક બની છે. ખેડા જિલ્લાના એક-બે નહીં પરંતુ ૧૭ જેટલા પરિવારોના વ્યક્તિઓએ આ ઘટનામાં જીવ ગુમાવ્યો છે. નડિયાદમાં રહેતા પવાર પરિવારના મોભી અને તેમની પત્ની સૌપ્રથમ વખત સાત સમંદર પાર રહેતા પુત્રને મળવા UK જવા નીકળ્યા અને પ્લેન ક્રેસની દુર્ઘટના બની. પ્રથમ વખત ફલાઈટની સફર આખરી બની ગઈ. દંપતિએ છેલ્લો વિડિયો કોલ કરી પુત્રને ખુશી બતાવી અને અંતિમ તસ્વીરો એરપોર્ટ પર લીધી હતી.

નડિયાદમાં ન્યુશોરક ગ્રાઉન્ડ પાસે સરસ્વતી નગરમાં રહેતા મહાદેવભાઈ તુકારામ પવાર અને આશાબેન મહાદેવભાઈ પવાર પોતાના UK ખાતે રહેતા પુત્રને મળવા પહેલી વખત ફલાઈટમા બેસી જઈ રહ્યા હતા. દંપતી ને પ્રથમ વખત ફલાઈટમા બેસવાની ખુશી હતી. નડિયાદ ખાતે રહેતો તેમના બીજો પુત્ર રમેશભાઈ અને તેમના પરિવારજનો આ દંપતીને મુકવા એરપોર્ટ ગયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### માનવી-પશુ બધા જ ભૂંજાયા

# વિમાનમાં બ્લાસ્ટ થતાં જ તાપમાન ૧૦૦૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું

**પ્લેનની ઇંધણ ટાંકી ફાટતાંની સાથે જ આગની જ્વાળાઓ વધવા લાગી**

અમદાવાદ,તા.૧૩

ગુરુવારે અમદાવાદથી લંડન જઈ રહેલા એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. જેમાં અકસ્માતનો ભોગ બનેલા વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા છે. તે જ સમયે, એકમાત્ર બચી ગયેલા વ્યક્તિની સારવાર ચાલી રહી છે.

અકસ્માતની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે મૃતદેહો રસ્તાઓ પર વિખરાયેલા હતા. મોટાભાગના મૃતદેહ ખરાબ રીતે બળી ગયા હતા. તેમની ઓળખ પણ થઈ રહી નથી. એવામાં અકસ્માત બાદ રાહત અને બચાવ કાર્ય સતત ચાલુ છે. આ દરમિયાન પ્લેનની અંદર અને આસપાસનું તાપમાન લગભગ ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જેના કારણે બચાવ કામગીરી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે અકસ્માત સ્થળે હાજર કૂતરા અને પક્ષીઓ પણ બચી શક્યા ન હતા.

ફાયર વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'પ્લેનની ઈંધણ ટાંકી ફાટતાંની સાથે જ આગની જ્વાળાઓ વધવા લાગી અને થોડી જ વારમાં તાપમાન ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. આનાથી કોઈના બચવાનો કોઈ અવકાશ રહ્યો નહીં. પ્રાણીઓ અને પક્ષીઓને પણ બચવાનો મોકો મળ્યો ન હતો અને બધા બળીને રાખ થઈ ગયા હતા.'

ઉડાન સમયે પ્લેનની ઊંચાઈ ૬૨૫ ફૂટ હતી. પ્લેન ક્રેશ થતાં જ તેના ઈંધણમાં આગ લાગી ગઈ.

જોરદાર વિસ્ફોટથી તે ફાટી ગયું, પ્લેન સળગી ગયું. દૂરથી ગાઢ કાળો ધુમાડો દેખાતો હતો. ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રસ્તાઓ પર મૃતદેહો વિખરાયેલા હતા. મોટાભાગના મૃતદેહો ખરાબ રીતે બળી ગયા હતા. તેમની ઓળખ પણ થઈ શકી ન હતી.

### કાટમાળમાંથી મળેલું DVR કરશે મોટો ખુલાસો

# ટેકઓફથી લઈને ક્રેશ સુધી વિમાનની અંદર કેવો માહોલ હતો?

**અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ ક્રેશ થયેલા વિમાનના કાટમાળમાંથી DVR મળી આવ્યું છે**

અમદાવાદ, તા.૧૩

ગુજરાત ATS એ શુક્રવારે અમદાવાદ એરપોર્ટ નજીક એર ઈન્ડિયાના વિમાનના દુઃખદ દુર્ઘટનાના એક દિવસ પછી, વિમાનના કાટમાળમાંથી ડિજિટલ વીડિયો રેકોર્ડર (DVR) શોધી કાઢ્યું હતું. અકસ્માતના કારણો શોધવા માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ પુરાવો છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી તરત જ ક્રેશ થયેલા બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાનના કાટમાળમાંથી ઢફઈ મળી આવ્યું હતું. જે નજીકના રહેણાંક સંકુલમાં પડી ગયું હતું.

વિમાનનો પાછળનો ભાગ મેઘાણી નગરમાં બીજે મેડિકલ કોલેજના UG હોસ્ટેલ મેસ પર પડ્યો હતો, જેના કારણે ઈમારતને ભારે નુકસાન થયું હતું અને તેમાં હાજર ૧૦થી વધુ તબીબી વિદ્યાર્થીઓના મોત થયા હતા. ઘણા મેડિકલ અને નર્સિંગ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે અને તેમને

અનુસંધાન પાના ૬ ઉપર

### એકમાત્ર બચી ગયેલા વિશ્વાસ કુમાર રમેશને કહ્યું

# વિમાનમાં વિસ્ફોટ થયો અને હું સીટ સાથે ફ્લાઇટમાંથી નીચે પડ્યો હતો

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોસ્પિટલમાં એકમાત્ર બચી ગયેલા મુસાફર વિશ્વાસ કુમાર રમેશને તેમની તબિયત જાણવા માટે મળ્યા**

અમદાવાદ, તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ઘાયલોને મળ્યા. તેમણે ગુરુવારે વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત નિપજેલા એકમાત્ર બચી ગયેલા વિશ્વાસ કુમાર રમેશને પણ મળ્યા. પીએમ મોદીએ હોસ્પિટલના C7 વોર્ડની મુલાકાત લીધી, જ્યાં ૨૫ ઘાયલોની સારવાર ચાલી રહી છે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોસ્પિટલમાં એકમાત્ર બચી ગયેલા મુસાફર વિશ્વાસ કુમાર રમેશને તેમની તબિયત જાણવા માટે મળ્યા, ત્યારે મુસાફરે જવાબ આપ્યો, "વિમાનમાં વિસ્ફોટ થયો અને હું વિમાનમાંથી કૂદી પડ્યો નહોતા પણ સીટ સાથે ફલાઇટમાંથી નીચે પડ્યો હતો."

અકસ્માતની ભયાનકતાને યાદ કરતાં વિશ્વાસે પહેલાથી જ તેના વિશે માહિતી આપી દીધી છે. તેમણે કહ્યું હતું કે ટેકઓફ કર્યાના ૩૦ સેકન્ડ પછી એક જોરદાર અવાજ આવ્યો અને પછી વિમાન ક્રેશ થયું. વિશ્વાસે કહ્યું, "બધું ખૂબ જ ઝડપથી થયું. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે ચારે બાજુ મૃતદેહો હતા. હું ડરી ગયો. પછી હું ઊભો થયો અને દોડ્યો. વિમાનના ટુકડા ચારે બાજુ વિખરાયેલા હતા. કોઈએ મને ઉપાડ્યો અને એમ્બ્યુલન્સમાં બેસાડીને હોસ્પિટલ લઈ ગયો."

અનુસંધાન પાના ૬ ઉપર

### શાળા સંચાલકોનો મહત્વનો નિર્ણય

# રાજકોટમાં આજે ૬૦૦થી વધુ સ્કૂલો બંધ રહેશે

**તમામ ખાનગી શાળાઓ બંધ રહેશે જેમાં એક દિવસ શાળાઓ બંધ કરીને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે**

રાજકોટ,તા.૧૩

અમદાવાદમાં ગતરોજ ૧૨ જૂનના રોજ જે પ્લેન ક્રેશની દુર્ઘટના ઘટી હતી તેમાં મોટી સંખ્યામાં મુસાફરોનાં મોત થયાં છે. સાથે જ આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. જેથી તેમના નિધનને લઈને રાજકોટમાં શાળા સંચાલકો દ્વારા સ્વેચ્છાએ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે રાજકોટની તમામ ખાનગી શાળાઓ બંધ રહેશે. જેમાં એક દિવસ શાળાઓ બંધ કરીને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

આજે રાજકોટની ૬૦૦થી વધારે સ્કૂલો બંધ રહેવાની છે. જેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિજય રૂપાણીના નિધન બાદ રાજકોટ સહિત ગુજરાતભરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ત્યારે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદની મુલાકાતે છે. આજે પીએમ મોદી વિજય રૂપાણીનાં પત્ની અંજલિબેન રૂપાણી તથા તેમના પરિવારને મળીને સાંત્વના આપી હતી.

વિજય રૂપાણી જયારે અમદાવાદથી લંડન જઈ રહ્યા હતા, ત્યારે જ ટેકઓફ વખતે આ ગોઝારી ઘટના બની હતી. આ દુર્ઘટના સમયે અંજલિબેન રૂપાણી તેમની દીકરીના ઘરે

અનુસંધાન પાના ૬ ઉપર

### અમદાવાદમાં જે વિમાન ક્રેશ થયું તેમાં જવાનું હતું લંડન

# ભૂમિ ચૌહાણ એરપોર્ટ ૧૦ મિનિટ મોડા પહોંચતા તેનો જીવ બચ્યો

**તે ચેક-ઇન ગેટ પર માત્ર ૧૦ મિનિટ મોડી પહોંચી હતી જેના કારણે તેને બોડિંગની મંજૂરી આપવામાં આવી ન હતી**

ભરૂચ, તા.૧૩

ભરૂચની રહેવાસી ભૂમિ ચૌહાણ એરપોર્ટ ૧૦ મિનિટ મોડા પહોંચતા તેનો જીવ બચ્યો હતો. વાસ્તવમાં ભૂમિ ચૌહાણને અમદાવાદની લંડન જતી એર ઈન્ડિયાની એ જ ફલાઈટમાં જવાનું હતું જે ક્રેશ થઈ હતી. ગુરુવાર, ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભરવાની એર ઈન્ડિયાની ફલાઈટ AI-171, ટેકઓફ કર્યા પછી થોડી મિનિટો પછી ક્રેશ થઈ ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ સભ્યોના મોત થયા હતા, પરંતુ ભૂમિ ચૌહાણનું નસીબ તેને સાથ આપતું હતું. માત્ર ૧૦ મિનિટના વિલંબને કારણે

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨ વિદ્યાર્થીઓની હાલત ગંભીર, ૨૭ ને સામાન્ય ઈજા

# પ્લેન ક્રેશમાં પ્રવાસીઓ સિવાય તબીબી વિદ્યાર્થીઓના થયા મોત

**બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલમાં અભ્યાસ કરતા ૪ તબીબી વિદ્યાર્થીઓના કરુણ મોત નિપજ્યા છે**

અમદાવાદ, તા.૧૩

અમદાવાદમાં થયેલી ભયાવહ વિમાન દુર્ઘટનામાં જ્યાં વિમાન ક્રેશ થયું તે બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ માં અભ્યાસ કરતા ૪ તબીબી વિદ્યાર્થીઓના કરુણ મોત નિપજ્યા છે. આ ઉપરાંત, ૨ વિદ્યાર્થીઓની હાલત ગંભીર છે, જ્યારે ૨૭ જેટલા તબીબી વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ પહોંચી છે. તમામ ઘાયલ વિદ્યાર્થીઓ હાલ સારવાર હેઠળ છે.

મૃતક વિદ્યાર્થીઓની વિગતો

બીજા વર્ષમાં અભ્યાસ કરતા રાકેશ દિયોરા

બીજા વર્ષમાં અભ્યાસ કરતા જયપ્રકાશ ચૌધરી

પહેલા વર્ષમાં અભ્યાસ કરતા આર્યન રાજપુત

પહેલા વર્ષમાં અભ્યાસ કરતા માનવ ભાડુ ગંભીર હાલત ધરાવતા વિદ્યાર્થીઓ

દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિદ્યાર્થીઓ

બીજા વર્ષમાં અભ્યાસ કરતા ભાવેશ શેઠ પહેલા વર્ષમાં અભ્યાસ કરતા આશિષ મીના

આ ઘટનાએ મેડિકલ કોલેજ અને સમગ્ર તબીબી ક્ષેત્રમાં શોકનો માહોલ સર્જ્યો છે. વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોમાં ભારે દુઃખ અને ચિંતા વ્યાપી ગઈ છે. સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ ઘાયલોને શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

### બાળપણનું સપનું પૂરું કરી એર હોસ્ટેસ બની હતી

# અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રની રોશનીએ ગુમાવ્યો જીવ

**રોશની સોંઘરે બાળપણથી જ એર હોસ્ટેસ બનવા માંગતી હતી અને તેના માટે ખૂબ જ મહેનત કરી હતી**

મુંબઈ, તા.૧૩

મહારાષ્ટ્રના ડોમ્બિવલીની રહેવાસી રોશની સોંઘરે બાળપણથી જ એર હોસ્ટેસ બનવા માંગતી હતી અને તેના માટે ખૂબ જ મહેનત કરી હતી. તેણે બાળપણનું સપનું પૂર્ણ તો કર્યું, પરંતુ ઘાતક સાબિત થયું હતું. એર હોસ્ટેસ રોશની સોંઘરે અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે.

મહારાષ્ટ્ર ભાજપના કાર્યકારી પ્રમુખ રવિન્દ્ર ચૌહાણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર રોશની સોંઘરેના મૃત્યુની માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ડોમ્બિવલીની રોશની સોંઘરેના દુઃખદ અવસાનથી અમે ખૂબ જ દુઃખી છીએ. એક સમર્પિત ફ્લાઈટ ક્રૂ સભ્ય તરીકે, તેમનું અવસાન એક હૃદયદ્રાવક દુર્ઘટના છે. તેમના આત્માને શાંતિ મળે.

અહેવાલો અનુસાર, રોશની સોંઘરેના પિતા એક ટેકનિશિયન છે, પરંતુ તેમણે પુત્રીના સપનાઓને પાંખો આપવામાં કોઈ કસર છોડી નહીં. અંતે બે વર્ષ પહેલાં રોશની સોંઘરે એર હોસ્ટેસ બની અને સ્પાઈસજેટમાં બે વર્ષ કામ કર્યા પછી, તેમણે એર ઈન્ડિયામાં જોડાઈ હતી.

અમદાવાદ વિમાન

અનુસંધાન પાના ૬ ઉપર

### ફરી જોખમમાં આવ્યા ૧૫૬ મુસાફરોના જીવ

# એર ઇન્ડિયાની ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું

**આ ફ્લાઈટ ફુકેટથી નવી દિલ્હી આવી રહી હતી, પરંતુ બોમ્બની ધમકી બાદ તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું**

ફુકેટ, તા.૧૩

થાઈલેન્ડના ફુકેટમાં એર ઈન્ડિયાના એક વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ફ્લાઈટ ફુકેટથી નવી દિલ્હી આવી રહી હતી, પરંતુ શુક્રવારે બોમ્બની ધમકી બાદ તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુરુવારે અમદાવાદમાં એર ઈન્ડિયાની એક ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ હતી. તેમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા.

રોઈટર્સના અહેવાલ મુજબ, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 379 ફુકેટથી નવી દિલ્હી માટે રવાના થઈ હતી. તેમાં ૧૫૬ મુસાફરો સવાર હતા, પરંતુ ફ્લાઈટ ઉડાન ભર્યા પછી બોમ્બની ધમકી મળી હતી. આ પછી, ફ્લાઈટ આંદામાન સમુદ્રની આસપાસ ફર્યા પછી પાછી આવી અને ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. AOT દ્વારા હજુ સુધી બોમ્બની ધમકીની પુષ્ટિ કરવામાં આવી નથી. ફુકેટ એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમરજન્સી લેન્ડિંગ પછી, મુસાફરોને ફ્લાઈટમાંથી બહાર કાઢવામાં આવી

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૯૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)